# ઔલિયા અલ્લાહની કરામતો

:: લેખક ::


**હઝરત ઈમામ અબુલ ક઼ાસિમ અબ્દુલકરીમ બિન હવાઝિન કુશૈરી** رحمۃ اللہ علیہ


:: અનુવાદક ::


**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)


**પ્રકાશક**


**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧,
૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં. : ૧૯૯ આવૃત્તિ–૨ પ્રત : ૪૫૦૦
૧૬–જમાદિઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૪ માર્ચ–૨૦૧૩

નૂરાની આર્ટ–દયાદરા મો. ૯૪૨૭૪૬૪૪૧૧


## અનુક્રમણિકા


| | |
|---|---|
| ❖ પ્રાસંગિક વાત... *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)* | 06 |
| ❖ કરામત અને મોજિઝામાં ફરક઼ | 10 |
| ❖ વલી લોકોને પોતાના તરફ આવવાની દાવત નથી આપતો | 12 |
| ❖ શું વલીને એનો ઈલ્મ હોવું જરૂરી છે કે તે વલી છે ? | 12 |
| ❖ વલીએ પોતાની કરામતથી મુત્મઈન ન થવું જોઈએ | 13 |
| ❖ કરામત પર કુર્આન મજીદથી દલીલો | 14 |
| ❖ હઝરત ઉમરની કરામત | 14 |
| ❖ વલીનો અર્થ શું ? | 16 |
| ❖ શું વલી મઅસૂમ હોય છે ? | 16 |
| ❖ શું વલીનો ડર જતો રહે છે ? | 17 |
| ❖ શું દુનિયામાં દીદારે ઈલાહી કરામતરૂપે થઈ શકે છે ? | 17 |
| ❖ શું એવું થઈ શકે છે કે કોઈ અત્યારે તો વલી હોય પણ બાદમાં તે એવો ન રહે ? | 17 |
| ❖ શું વલી સાથે ધોકાનો ડર જતો રહે છે ? | 18 |
| ❖ સૌથી મહાન કરામત કઈ છે ? | 19 |
| ❖ કુર્આન મજીદથી કરામતની દલીલ | 19 |
| ❖ કરામતની દલીલમાં અલ્લાહ તઆલાનું આ ફર્માન પણ છે | 19 |
| ❖ ઈબ્ને ઉમરે સિંહને હાંકી કાઢયો | 26 |
| ❖ સમુદ્રના પાણી પર ચાલીને પાર નીકળી ગયા ! | 26 |
| ❖ લાકડીના છેડામાંથી પ્રકાશ વેરાયો ! | 26 |
| ❖ પ્યાલાએ અલ્લાહની તસ્બીહ પઢી ! | 26 |
| ❖ વાદળાંમાંથી ગયબી અવાજ આવ્યો ! | 27 |
| ❖ જંગલી જાનવરોની ઝિયાફત ! | 28 |
| ❖ દિલનો ઈરાદો જાણી લીધો ! | 28 |

❖ સિંહને ધમકાવતાં તે ચાલ્યો ગયો ! 29
❖ નદીમાં ખોવાયેલ નગીનો મળી ગયો ! 29
❖ હવામાં હાથ મારી ઘન પદાર્થ મુટ્ઠીમાંથી કાઢતા ! 30
❖ રેતાળ જમીન સોનુ બની ગઈ ! 30
❖ ટૂંકી લાકડી ખેંચતાં લાંબી થઈ ગઈ ! 30
❖ શરીઅત વિના હકીકત કાંઈ નથી 31
❖ ઈશારામાં જકડાઈ ગયેલો હાથ છૂટી ગયો ! 31
❖ ખાધા વિના બાર દિવસ સતત ચાલતા રહ્યા ! 32
❖ સફરમાં ન ભૂખ લાગી ન તરસ ! 32
❖ મૃત્યુ બાદ તખ્તા પર હસતા રહ્યા ! 32
❖ ૭૦ દિવસો સુધી ખાધા વિના રહેતા ! 33
❖ સદંતર ખાધા પીધા વિના રમઝાન ગુજાર્યો ! 33
❖ નમાઝના સમયે અપંગપણુ જતુ રહેતુ ! 33
❖ નફ્સની ખ્વાહિશોને ત્યજનારનો મર્તબો ! 34
❖ એક નવ જવાનની કરામત 34
❖ બંને આંખો નીકળીને પડી ગઈ ! 35
❖ સર્વ માછલીઓનાં મોઢામાં ઝવેરાત ! 35
❖ ઈબ્રાહીમ ખવાસ رحمۃ اللہ علیہની કરામત 36
❖ બે આબિદોની બરકત 37
❖ સિંહ પર સવાર થઈને શહેરમાં પહોંચ્યા 38
❖ એક નવયુવાનની કરામત 38
❖ ઈબ્રાહીમ બિન અદહમના મુરીદની કરામત 39
❖ સવાલ કરતાં પહેલાં જવાબ ! 39
❖ એક ફકીરની કરામત 39
❖ રેતી મીઠા સ્વાદિષ્ટ સત્તુ બની ગઈ ! 40
❖ કરામત જોઈને યહૂદી ઈમાન લાવ્યો 40



❖ હબીબ અજમીની કરામત 41
❖ જુનૈદ رحمۃ اللہ علیہની કરામત 41
❖ વાત કરતાં જ પહાડ હાલવા લાગ્યો ! 42
❖ ચારપાઈ ઘરમાં ઘુમવા માંડી ! 42
❖ વાસિલ અહદબની કરામત 42
❖ ઈબ્રાહીમ બિન અહદમની કરામત 43
❖ ઐયૂબ સખ્તયાનીની કરામત 43
❖ બાવળોના ઝાડેથી ખજૂરો પડી ! 43
❖ એક નવયુવાનની કરામત 44
❖ એક ફકીરની કરામત 44
❖ સિંહ પૂછડી પટપટાવવા લાગ્યો ! 45
❖ હઝરત મઅરૂફ કર્ખીની કરામત 45
❖ અબૂ અલી રાઝીની કરામત 46
❖ ઈબ્રાહીમ બિન અહદમની કરામત 46
❖ ઈબ્રાહીમ ખવાસ અને સિંહ 46
❖ અતા અરઝકની કરામત 47
❖ ફકીરોની કરામત 48
❖ આમિર બિન અબ્દે કૈસની કરામત 48
❖ એક અધિક કરામત 48
❖ એક આદમીની કરામત 49
❖ હબીબ અજમીની કરામત 49
❖ ઈબ્રાહીમ બિન અહદમની કરામત 50
❖ કુર્આન ખોલતા તો બીનાઈ આવી જતી ! 50
❖ બિશ્ર હાફીની કરામત 51
❖ એક મુજાહિદની કરામત 51
❖ ગયબથી અવાજ આવ્યો ! 52

❖ જમીન પર પગ મારતાં ઝરણુ વહેવા લાગ્યું ! 52
❖ મારવા ઉગામેલો હાથ હાલી ન શક્યો ! 53
❖ દિરહમ તથા દીનાર વરસ્યા ! 53
❖ એક બાળકની કરામત ! 55
❖ કાંકરીઓ સોનુ બની ગઈ ! 56
❖ મુરીદની કરામત 57
❖ અન્ય એક મુરીદની કરામત 57
❖ અલ્લાહનો દરેક વલી ઝિંદા છે ! 58
❖ હઝરત સર્રી رحمۃ اللہ علیہની કરામત 58
❖ અમ્ર બિન ઉત્બાની કરામત 59
❖ ઈબ્રાહીમ બિન અદ્હમની કરામત 59
❖ ઈબ્રાહીમ ખવાસની કરામત 60
❖ હઝરત ખવાસની બીજી કરામત 60
❖ અબ્દુલવાહિદ બિન ઝયદની કરામત 61
❖ શિબ્લીની કરામત 61
❖ અબૂ અબ્દુલ્લાહ બિન હનીફની કરામત 61
❖ એક બદવીની કરામત 62
❖ અબૂ ઓબૈદ બુસરીની કરામત 63
❖ એક સ્ત્રીની કરામત ! 63
❖ ઝુન્નૂન મિસ્રી رضی اللہ عنہની કરામત 64
❖ મૃત્યુ પામેલ ગધેડો જીવંત થઈ ગયો ! 65
❖ અબૂબક્ર હમ્દાનીની કરામત 65
❖ અહમદ બિન અતાની કરામત 66
❖ સ્ત્રી કાળી થઈ ગઈ ! 66
❖ મઅરૂફ કર્ખીની કરામત 67




# પ્રાસંગિક વાત.......

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

આપના મુબારક હાથોમાંની આ કિતાબમાં અમુક કરામતો અલ્લાહના નેક બંદાઓની રજૂ થઈ છે જે ખુશઅક઼ીદા સુન્ની હઝરાતના ઈમાનમાં તાજગી તથા દિલોમાં ખુશી પેદા કરનાર છે. તસવ્વુફની મશ્હૂર મક઼બૂલ કિતાબ **''રિસાલાએ કુશૈરિયહ્''** જેના અરબીમાં લેખક **અબુલ ક઼ાસિમ અબ્દુલ કરીમ બિન હવાઝિન કુશૈરી** رحمۃ اللہ علیہ (જન્મ : હિ.સ. ૩૭૬, વફાત : હિ.સ. ૪૬૫) છે. આપ એક ખૂબીઓથી સમૃદ્ધ શખ્સિયત ધરાવતા હતા. એમની જાતમાં એટલા પ્રમાણમાં ઈલ્મો વિદ્યાઓ જમા થઈ ગઈ હતી કે તેનું એક વ્યક્તિમાં જમા થવું જાહેરી રીતે અશક્ય જણાય છે. આપ એક જ સમયે ફક઼ીહ પણ હતા, મુહદ્દિષ પણ, કાતિબ પણ તથા શાઈર પણ હતા તેમજ હાફિઝ પણ, તથા અરબી ગ્રામરના નિષ્ણાત પણ હતા. સારાંશ કે ઈલ્મો ફુનૂન (વિદ્યા કલાઓ)નું કોઈ ક્ષેત્ર એવું ન હતું જેમાં કુશૈરી رحمۃ اللہ علیہએ નિપૂણતા ન પામી હોય. કુશૈરી رحمۃ اللہ علیہનું ''સૂફી'' હોવું એમની સર્વ ખૂબીઓ પર છવાઈ ગયું એટલા માટે અન્ય ઈલ્મોમાં તેમની ખ્યાતિ ન થઈ.

ઈમામ કુશૈરી رحمۃ اللہ علیہની વફાત **૧૬ રબીઉલ આખર** રવિવાર

તુલૂઅ આફતાબ પહેલાં હિ.સ. ૪૬૫માં થઈ. એ વખતે આપની ઉમર ૯૨ વર્ષ હતી. તેમને પોતાના શયખ અબૂ અલી દક઼ાક઼ના બાજુમાં દફન કરવામાં આવ્યા. નક઼લ કરનારા વર્ણવે છે કે જ્યારે આપ બીમાર થયા તો સખત અશક્તિ છતાં સર્વ નમાઝો ઉભા રહીને પઢતા હતા.

કોઈએ ઈમામ કુશૈરી رحمۃ اللہ علیہને એક ઘોડો ભેટરૂપે આપ્યો હતો એના પર સવારી કર્યા કરતા હતા. જેમ કે વીસ વરસ સુધી એ ઘોડા સિવાય કોઈ ઘોડા પર સવાર ન થયા. આપની વફાત પર એ ઘોડાએ ચારો ખાવાનો ત્યજી આપ્યો અને એક અઠવાડિયા પછી મૃત્યુ પામ્યો.

ઈમામ કુશૈરી رحمۃ اللہ علیہ વઅઝમાં પોતાના સમયના ઈમામ માનવામાં આવતા હતા. તેમના વઅઝમાં એવી તાસીર હતી કે સખતથી સખત દિલવાળો માણસ પણ મીણ બની જતો હતો. જેમ કે અલી ઈબ્ને હસન બાખુઝરી "દમ્યતુ લકસ્ર"માં લખે છે : "જો વઅઝ પથ્થરથી પણ ટકરાય તો મીણ બની જાય અને જો શૈતાનને તેમની મજલિસમાં બાંધી દેવામાં આવે તો તાઈબ થઈ જાય."

"રિસાલાએ કુશૈરિયહ"નો ઉર્દૂ તર્જુમો પાકિસ્તાનમાં પ્રથમવાર ઈ.સ. ૧૯૭૦માં પ્રસિદ્ધ થયો ત્યારબાદ ઈ.સ. ૧૯૮૪માં ફરી છપાયો. આ કિતાબની ગણના તસવ્વુફની કેટલીક પૂરાણી કિતાબોમાં થાય છે. આ એક યોગાનુયોગ છે કે ઈમામ કુશૈરી رحمۃ اللہ علیہ તથા હઝરત શયખ હિજવૈરી દાતાજંગબખ્શ લાહોરી رحمۃ اللہ علیہ (લેખક : કશ્ફુલ મહજૂબ)ની વફાત મશ્હૂર રિવાયતના આધારે એક જ વરસે હિ.સ. ૪૬૫માં થઈ અને એ બંને કિતાબો પણ એક અરસામાં પ્રસિદ્ધ થઈ.

સારાંશ કે એ જ અનેક ખૂબીઓના માલિક હઝરત ઈમામ



કુશૈરી رحمۃ اللہ علیہની તસવ્વુફના વિષયમાં સ્ટાન્ડર્ડ મક઼બૂલ કિતાબ "રિસાલાએ કુશૈરિયહ"માંથી અત્રે અમુક સનદી કરામતો જે **"બરકાતે ખ્વાજા" (માસિક)** દયાદરામાં હપ્તાવારી લેખોમાં છપાતી હતી તેને અધિક અવામના ફયઝાન માટે કિતાબી રૂપમાં રજૂ કરવામાં આવેલ છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ رحمۃ اللہ علیہના સદક઼ામાં બુઝુર્ગાને દીનના ફયૂઝાનથી સુન્ની જગતને આબાદ રાખે.

**آمین بجاہ النبی الکریم علیہ افضل الصلوٰۃ و التسلیم**

**—પટેલ શબ્બીર અલી રઝવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

તારીખ : ૨૬/૦૩/૨૦૧૩, મંગળવાર

૧૨ જમાદિઉલ અવ્વલ, હિ.સ. ૧૪૩૪


**ગૌષિયા તક્વીમ લેમિનેટેડ**

**(કેલેન્ડર ટાઈપ)**


*નમાઝોનું ક઼ાયમી ટાઈમ ટેબલ*

(ગુજરાતમાં અને ખાસ ભરૂચ, સૂરત, વડોદરા જિલ્લા માટે) ઉપયોગમાં આવે તેવું. જે ૧૨ મહિનાના લેમિનેટેડ કાર્ડ પેપરો પર મલ્ટી કલરમાં આકર્ષક છપાયેલ છે. તમારી મસ્જિદો તથા ઘરો માટે પણ મંગાવશો.

**હદિયો : રૂા. ૨૦૦/–**

ઠે. રઝવી કિતાબ ઘર, મુ.પો. **દયાદરા,**

તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧



نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ

ઉસ્તાદ અબુલ ક઼ાસિમ ફર્માવે છે કે અલ્લાહના વલીઓથી કરામતોનું જાહેર થવું જાઈઝ છે. એના જાઈઝ હોવાની દલીલ એ છે કે આ એક 'અમ્ર' (બાબત) છે જેનું અસ્તિત્વમાં આવવું બુધ્ધિમાં સમાય છે અને એનાથી કોઈ શરીઅતનો નિયમ નથી તૂટતો. જેથી એ જરૂરી થયું કે આપણે અલ્લાહ તઆલાની આ સિફત એવી રીતે વર્ણવીએ કે એને કરામત પેદા કરવાની કુદરત છે, જેથી જ્યારે એ સ્પષ્ટ થઈ ગયું કે આ અલ્લાહ તઆલાની કુદરતમાં છે, તો એના જાઈઝ હોવામાં કોઈ ચીજ આડ નથી હોઈ શકતી.

અને કરામતનું જાહેર થવું તે શખ્સની સચ્ચાઈની નિશાની છે જેના અહવાલમાં એ જાહેર થાય છે, જેથી જે સાચો ન હોય એનાથી આ પ્રકારની કરામત જાહેર થવું પણ જાઈઝ નથી. એની ભાળ એનાથી મળે છે કે અલ્લાહ તઆલાએ કરામતની જે ઓળખ આપણને બતાવી છે જેથી કરીને આપણે સાચા તથા ખોટામાં ફરક કરી શકીએ. તે દલીલ રૂપે એવી બાબત છે જે બુધ્ધિમાં સમાઈ શકે છે. અને એ એ જ સંજોગોમાં થઈ શકે છે જ્યારે વલીને એવી બાબતો સાથે ખાસ કરી દેવામાં આવે જે જૂઠા આક્ષેપ કરનારમાં નથી જોવા મળતી, અને આ જ તે બાબત છે જેને આપણે કરામત કહીએ છીએ. અને એ પણ જરૂરી છે કે એ કરામત આ દુનિયામાં એક સામાન્ય નિયમ વિરૂધ્ધનું કાર્ય હોય અને એવી વ્યક્તિ થકી





બહાર પડે કે જે વિલાયત સાથે મૌસૂફ હોય જેથી એની હાલતનું એના થકી સમર્થન થઈ શકે.

**કરામત અને મોજિઝામાં ફરક઼ :** અહલે હક઼્ક઼ે કરામત તથા મોજિઝામાં ફરક઼ કરવા માટે ચર્ચા કરી છે. જેમ કે ઈમામ અબૂ ઈસ્હાક઼ અસ્ફર અયઈની ફર્માવ્યા કરતા હતા કે મોજિઝાઓ અંબિયાએ કિરામના સાચા હોવાની દલીલ છે અને તે ચીજ જે નબુવ્વતની દલીલ હોય ગૈર નબીની પાસે નથી હોઈ શકતી, જે રીતે કે મજબૂત બુધ્ધિ આલિમના આલિમ હોવાની દલીલ છે અને તે ગૈર આલિમમાં નથી જોવા મળતી. એ એવું પણ ફર્માવતા હતા કે અવલિયા અલ્લાહના માટે કરામતો છે, દા.ત. દુઆનુ ક઼બૂલ થવું. પણ અંબિયાએ કિરામના મોજિઝા જેવી ચીજનું તેમનાથી ઉદ્ભવ પામવું જાઈઝ નથી.

પણ ઈમામ અબૂબક્ર ફવરક ફર્માવ્યા કરતા કે મોજિઝાઓ સચ્ચાઈની દલીલ હોય છે, તો જો મોજિઝો દેખાડનાર નબુવ્વતનો દાવો કરે તો મોજિઝો તેના ક઼ૌલના સાચા હોવાની દલીલ છે. અને જો તે વિલાયત તરફ નિર્દેશ કરે છે તો મોજિઝો એ વાતની દલીલ છે કે તે શખ્સની હાલત સાચી છે, પણ આ સ્થિતિમાં તેને કરામત કહેવામાં આવશે, ભલે એ મોજિઝાના પ્રકારમાંથી જ કેમ ન હોય, એટલા માટે કે નબી તથા વલીના ફેઅલમાં (કાર્યમાં) ફરક઼ છે.

ઈબ્ને ફવરક પણ ફર્માવ્યા કરતા કે મોજિઝા તથા કરામતમાં એ ફરક છે કે અંબિયા عَلَيْهِمُ السَّلَام ને મોજિઝાને જાહેર કરવાનો અલ્લાહના તરફથી હુકમ થાય છે પણ વલી પર વાજિબ હોય છે કે તે કરામતને છુપાવે અને તેને ગુપ્ત રાખે. નબી મોજિઝો જાહેર કરવાનો દાવો કરે છે અને યક઼ીની રીતે સ્પષ્ટપણે તેનો ઉલ્લેખ કરે છે (આ તેનો મોજિઝો છે) પણ વલી ન તો દાવો કરે છે અને ન

યક઼ીની રીતે તેનો ઉલ્લેખ કરે છે, એટલા માટે કે શક્ય છે કે એ કેવળ ધોકો હોય.

ક઼ાઝી અબૂબક્ર અશઅરી જે પોતાના જમાનામાં પોતાની વિદ્યાકલામાં અજોડ હતા. તે ફર્માવતા હતા, મોજિઝાઓ અંબિયાની સાથે ખાસ છે અને કરામતો અવલિયાના માટે પણ એ જ પ્રમાણે હોય છે જે પ્રમાણે અંબિયાના માટે. અવલિયા અલ્લાહના માટે મોજિઝા નથી હોતા, એટલા માટે કે મોજિઝાની શર્ત એ છે કે એની સાથે નબુવ્વતનો દાવો પણ થાય. મોજિઝો આપોઆપ મોજિઝો નથી કહેવાઈ શકતો, અને મોજિઝો કેવળ ત્યારે કહેવામાં આવશે જ્યારે એમાં ઘણી બધી સિફતો (ખૂબીઓ) જોવામાં આવે, અને જો કોઈ એક શર્તમાં પણ કોઈ ખલેલ પડી ગઈ તો એ મોજિઝો નથી, એમાંથી એક શર્ત એ છે કે મોજિઝો જાહેર કરનાર નબુવ્વતનો દાવો પણ કરે.

અને વલી નબુવ્વતનો દાવેદાર નથી હોતો , જેથી જે વાત એના થકી જાહેર થશે તે મોજિઝો ન હશે. આ જ ક઼ૌલ પર આપણો વિશ્વાસ છે બલ્કે આ જ આપણો દીન છે. મોજિઝાની સર્વ અથવા મોટાભાગની શરતો કરામતમાં જોવા મળે છે પણ આ જ એક શર્ત નથી જોવા મળતી એટલે નબુવ્વતનો દાવો. અને કરામત : (૧) યક઼ીનન હાદિષ (નવુ ઉદ્‌ભવેલ) ફેઅલ છે, એટલા માટે જે ફેઅલ ક઼દીમ (હમેશાંથી) હોય છે તે કોઈ એકની સાથે ખાસ નથી હોતું. (૨) કરામત ખારિક઼ે આદત (સામાન્ય નિયમથી અલગ) હોય છે. (૩) અને તકલીફના સમયે હોય છે. (૪) અને કોઈ બંદા થકી એટલા માટે જાહેર થાય છે કે તેનું ખાસપણુ અથવા ફઝીલત જાહેર થઈ જાય. ક્યારેક તો કરામત વલીના ઈખ્તિયાર અને માંગણી પર જાહેર થાય છે અને ક્યારેક ઈખ્તિયારથી જાહેર નથી થતી,




અને અમુક વખતે વિના ઈખ્તિયારે જાહેર થઈ જાય છે.

**વલી લોકોને પોતાના તરફ આવવાની દાવત નથી આપતો** : વલીને એ વાતનો હુકમ નથી આપવામાં આવતો કે તે લોકોને પોતાના તરફ આવવાની દાવત આપે, પરંતુ જો એ તે લોકો સમક્ષ જે એના પાત્ર હોય આ પ્રકારનો ઈઝહાર કરે તો જાઈઝ છે.

**શું વલીને એનો ઈલ્મ હોવું જરૂરી છે કે તે વલી છે ? :** અહલે હક઼્ક઼નો એમાં મતભેદ છે. ઈમામ અબૂબક્ર ફવરક ફર્માવ્યા કરતા હતા કે વલીને પોતાની વિલાયતનો ઈલ્મ હોવો જાઈઝ નથી કેમ કે જો તેને પોતાની વિલાયતનો ઈલ્મ થઈ જાય તો એનામાંથી ડર જતો રહેશે અને તે બેફિક઼્ર થઈ જશે. ઉસ્તાદ અબૂ અલી દક઼ાક઼ ફર્માવ્યા કરતા હતા કે વિલાયતનો ઈલ્મ હોવો જાઈઝ છે. આપણે એ જ ક઼ૌલને અગ્રતા આપીએ છીએ અને એ જ આપણો અક઼ીદો છે. પરંતુ એ સર્વ અવલિયા માટે જરૂરી નથી કે દરેક વલીને એ વાતનો ઈલ્મ થાય કે તે વલી છે, અમુકને ઈલ્મ થઈ શકે છે અને અમુકને નહીં. જેમ કે જેમને આ વાતનો ઈલ્મ થઈ જાય કે તે વલી છે તો તે એમની ખાસ કરામત થશે.

એ પણ જરૂરી નથી કે જે કરામત એક વલીથી જાહેર થાય તે દરેક વલીથી જાહેર થાય, બલ્કે જો દુનિયામાં વલીથી કોઈ કરામત ન થઈ તો એનાથી એની વિલાયતમાં કોઈ ઉણપ સાબિત નથી થતી.

અંબિયાનો એ હાલ નથી. એમના માટે મોજિઝાનું હોવુ અનિવાર્ય છે, એટલા માટે કે નબીને લોકોની તરફ મોકલવામાં આવે છે અને લોકોને એની સચ્ચાઈ માલૂમ કરવાની જરૂરત હોય છે અને એ સચ્ચાઈ મોજિઝા વિના જાહેર નથી થઈ શકતી. વલીનો

હાલ એનાથી ઉલ્ટો છે, કેમ કે લોકોએ ન એ વાતનું જાણવું જરૂરી છે કે તે વલી છે અને ન ખૂદ વલીના માટે પોતાની વિલાયતનો ઈલ્મ હોવું જરૂરી છે.

અને તે દસ સહાબીઓ જેમણે રસૂલુલ્લાહ ﷺની તે ચીજોના વિશે સમર્થન કર્યું જે આપે એમને બતાવી, તેમના વિશે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તે જન્નતી છે. *(જ્યારે તે સહાબીઓને પોતાના જન્નતી હોવાની જાણ થઈ ગઈ, તો તે બેખૌફ નથી થયા, એ જ રીતે જો વલીને પોતાની વિલાયતનો ઈલ્મ થઈ જાય તો કાંઈ વાંધો નથી.)*

જે બુઝુર્ગોએ એ બાબતને જાઈઝ નથી ઠરાવી કે વલીને પોતાની વિલાયતનો ઈલ્મ હોય તે એ ખયાલથી કે તે બેખૌફ થઈ જાય (એવી કોઈ વાત નથી) કેમ કે એમાં કાંઈ વાંધો નથી કે તેઓ પોતાની આક઼ેબતના બદલાઈ જવાથી ડરતા રહે. પરંતુ તેઓ ખુદા તઆલાનો ડર તથા અઝમત તથા જલાલ જેને તે પોતાના દિલની અંદર પામે છે તે ખૌફથી ક્યાંય વધી ચઢીને છે.

**વલીએ પોતાની કરામતથી મુત્મઈન ન થવું જોઈએ :** યાદ રાખો કે વલીના માટે એ બરાબર નથી કે તે પોતાની કરામત પર નજર રાખે. અમુક વખતે આ પ્રકારની કરામતોના જાહેર થવાથી એમના યક઼ીનમાં ક઼ુવ્વત તથા બસીરત અધિક પ્રાપ્ત થાય છે. એટલા માટે એને એ વાતનું યક઼ીન હોય છે કે આ કરામત હક઼ીક઼તમાં અલ્લાહનું કામ (તેના તરફથી) છે, અને તેને પોતાના અક઼ીદાઓ સહીહ હોવાની દલીલ મળી જાય છે.

સારાંશ કે એ અક઼ીદો રાખવો કે વલીના હાથે કરામત જાહેર થવું જાઈઝ છે, વાજિબ છે. આ જ અક઼ીદો જમહૂર અહલે મઅરેફતનો છે અને આ પ્રકારની રિવાયતો તથા હિકાયતો પુષ્કળ પ્રમાણમાં અને તવાતુરની સાથે નક઼લ થયેલી છે, એટલા માટે





અવલિયાથી આ સર્વ હેઠળ તેમના જાહેર થઈ જવાનો ઈલ્મ એટલા પ્રમાણમાં મજબૂત થઈ જાય છે કે એનાથી સર્વ શંકાઓ ઉઠી જાય છે. જે શખ્સ એ લોકોની વચ્ચે રહે અને તેમની રિવાયતો તથા હિકાયતો મુતવાતિર તેને પહોંચતી રહે એને આ વાતમાં ક઼તઅન (તદ્દન) શંકા નથી રહેતી.

**કરામત પર ક઼ુર્આન મજીદથી દલીલો :** એની દલીલ ક઼ુર્આન મજીદની આ આયત છે જેનો ઉલ્લેખ સુલૈમાન علیہ السلامના કિસ્સામાં આવ્યો છે. જેમ કે ફર્માવ્યું : اَنَا اٰتِيْكَ بِهٖ قَبْلَ اَنْ يَّرْتَدَّ اِلَيْكَ طَرْفُكَ "હું એને તમારી પાસે તમારી આંખ ઝપકવાથી પણ પહેલાં લઈ આવીશ." જો કે આ શબ્દો કહેનાર વ્યક્તિ નબી હતો નહીં.

**હઝરત ઉમરની કરામત :** અને આ સહીહ અષર છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબે જુમ્આના દિવસે ખુત્બા દરમ્યાન "યા સારિયતલ્ જબલ" (હે સારિયા ! પહાડ પર ચઢી જા !) અને અલ્લાહ તઆલાએ હઝરત ઉમરનો એ અવાજ એ જ વખતે સારિયાને પહોંચાડી આપ્યો, ત્યાં સુધી કે તેમણે એ જ વખતે પહાડની તે જગાઓથી પોતાનો બચાવ કરી લીધો જ્યાં દુશ્મન છુપાયેલા હતા.

**એક વાંધો :** જો કોઈ એ વાંધો કરે કે એ કરામતનું જાહેર થવું કેવી રીતે જાઈઝ થઈ શકે છે જેમાં રસૂલુલ્લાહ ﷺના મોજિઝાઓથી પણ વધીને કરામતો જોવા મળે છે ? અને શું અવલિયાને અંબિયા علیہم السلامપર ફઝીલત આપવું જાઈઝ છે ?

**જવાબ :** એનો જવાબ એ છે કે આ કરામતો આપણા નબી ﷺ ના મોજિઝાઓમાં ગણાશે, કેમ કે જે ઈસ્લામમાં સાચો ન હશે એનાથી કરામતો જાહેર ન થશે. અને જે નબીના ઉમ્મતીથી

કરામત જાહેર થશે તે એ નબીના મોજિઝાઓમાં ગણાશે, કેમ કે જો તે રસૂલ સાચો ન હોત તો તેના તાબેદારથી કરામત જાહેર ન થાત.

પરંતુ અવલિયાનો મર્તબો અંબિયાના મર્તબા સુધી નથી પહોંચી શકતો, અને એના પર સૌની એકમતિ છે.

**અબૂ યઝીદ બુસ્તામીનો ક઼ૌલ** : જેમ કે અબૂ યઝીદ બુસ્તામીથી આ મસ્અલાના વિશે સવાલ કરવામાં આવ્યો તો ફર્માવ્યું, જે કાંઈ અંબિયા علیہم السلامને હાંસલ થયું છે તેનું દષ્ટાંત શહદ (મધ)ના મશક જેવું છે કે જેમાંથી એક ટીપુ ટપકી જાય. આ એક ટીપુ એ મર્તબા (તથા ઈલ્મ)નું દષ્ટાંત છે જે તમામ ઔલિયાને હાંસલ થયો, અને જે કાંઈ વાસણમાં છે તે આપણા નબી صلی اللہ علیہ وسلمનું દષ્ટાંત છે.

આ કરામતો ક્યારેક તો એ સ્વરૂપમાં જાહેર થાય છે કે કોઈ વલીની દુઆ ક઼બૂલ થઈ જાય છે, કદીક એવી રીતે કે ફાક઼ાના વખતે વિના કોઈ જાહેરી સબબથી ખાવા હાજર થઈ જાય અથવા તરસના સમયે પાણી હાંસલ થઈ જાય અથવા થોડી સરખી મુદ્દતમાં લાંબી સફર પાર પાડવું સરળ થઈ જાય અથવા દુશ્મનથી છૂટકારો મળી જાય અથવા કોઈ ગયબી પોકારનાર થકી પોકાર કરવામાં આવે, વગેરે વગેરે આવી સામાન્ય નિયમ વિરૂધ્ધ બાબતો છે.

યાદ રાખો કે આજકાલ અલ્લાહની ઘણી બધી કુદરતો જે જાહેર થાય છે એનાથી એ જાણવા મળે છે કે એ વલીની કરામતના રૂપે જાહેર નથી થઈ શકતી અને એનો ઈલ્મ આપણને જરૂરી રીતે અથવા શંકાના રૂપે જરૂરી રીતે હાંસલ થાય છે. એ અલ્લાહ તઆલાની કુદરતો છે કે કોઈ માણસ મા બાપ વિના પેદા થઈ



અવલિયા અલ્લાહની કરામતો

જાય અથવા નિર્જીવ પથ્થર વગેરેમાંથી કોઈ ચોપગુ પ્રાણી બની જાય વગેરે વગેરે.

**વલીનો અર્થ શું ?** : તો એનો જવાબ એ છે કે એના બે અર્થો થઈ શકે છે : ૧. આ શબ્દ વલી ફેઅલનું વજન હોય જે ફાઈલમાં મુબાલિગાનો અર્થ પેદા કરવા માટે વપરાય છે જેમ કે અલીમ તથા ક઼દીર. આ સંજોગોમાં તેનો અર્થ આ પ્રમાણે થશે કે, "વલી તે શખ્સ છે જે સતત ખુદા તઆલાના આજ્ઞાપાલનમાં લાગેલો રહે અને એ દરમ્યાન એનાથી કોઈ પ્રકારનો ગુનોહ થવા ન પામે."

૨. આ ફઈલ, મફઉલાના અર્થમાં છે જેમ કે ક઼તીલ, મક઼તૂલના અર્થમાં અને જરીહ, મજરૂહના અર્થમાં. આ સ્થિતિમાં "વલી તે શખ્સ છે જેનો અલ્લાહ તઆલા હમેશાંના માટે વલી (દોસ્ત) બની ચૂક્યો છે કે એની હિફાઝત તથા નિગેહબાની કરે છે જેથી અલ્લાહ તઆલા તેના માટે 'ખઝલાન' એટલે ગુનાહ કરવાની શક્તિ પેદા જ નથી કરતો, અલ્લાહ તઆલા એના માટે પોતાની તૌફીક઼ હમેશાંના માટે અર્પણ કરી આપે છે. તૌફીક઼ એ છે કે તેને આજ્ઞાપાલન માટે શક્તિ હોય, જેમ કે અલ્લાહ તઆલા ફર્માવે છે : وَهُوَ يَتَوَلَّى الصَّالِحِينَ તે સાલેહીનનો વલી બને છે."

**શું વલી મઅસૂમ હોય છે ?** વલી અંબિયાની જેમ લાઝમી રીતે મઅસૂમ નથી, હા ! એવું થઈ શકે છે કે અલ્લાહ તઆલા વલીઓને ગુનાહથી "મેહફૂઝ" રાખે છે, ત્યાં સુધી કે તેમનાથી કોઈ કમજોરી, ગલતી કે લગઝિશ ઉદ્ભવ થઈ જાય તો એના પર જામેલા ન રહે. આ રીતે "મેહફૂઝ" કહેવામાં કોઈ વાંધો નથી.

કોઈએ જુનેદને સવાલ કર્યો હતો કે આરિફ ઝિનામાં સપડાય શકે છે કે નહીં ? આપે થોડીવાર માથુ ઝુકાવ્યું અને પછી કહ્યુ :–

وَكَانَ اَمْرُ اللّٰهِ قَدَراً مَقْدُوْراً "અલ્લાહનો હુકમ તકદીરમાં લખેલો છે."

**શું વલીનો ડર જતો રહે છે ?** : અકાબિરીને અવલિયા પર ખૌફ છવાયેલો રહે છે અને જે વર્ણન કરવામાં આવ્યું કે ક્યાંક ક્યાંક ખૌફ જતો રહે છે તો એની પણ શક્યતા છે. જેમ કે સિર્રી ફર્માવે છે, જો કોઈ શખ્સ કોઈ બાગમાં જાય જેમાં પુષ્કળ પ્રમાણમાં ઝાડો લાગેલાં હોય અને દરેક ઝાડ પર પક્ષીઓ બેઠેલાં હોય અને સ્પષ્ટ શબ્દોમાં આવું કહી રહ્યાં હોય, "અસ્સલામુ અલૈક યા વલીઅલ્લાહ !" તો એ વખતે એ જો એ વાતથી નહીં ડરે કે આ ધોકો છે, તો યક઼ીનન ! એ ધોકો ખાઈ જશે. અલ્લાહના વલીઓ વિશે આ સંબંધી ઘણી હિકાયતો છે.

**શું દુનિયામાં દીદારે ઈલાહી કરામતરૂપે થઈ શકે છે ?** : એના બારામાં મજબૂત ફેંસલો એ જ છે કે નથી થઈ શકતો. એના પર સર્વની એકમતિ થઈ ચૂકી છે. મેં ઈમામ અબૂબક્ર બિન ફ્વરકથી સાંભળ્યું તે ફર્માવતા હતા, કે આ મસ્અલામાં અબુલ હસન અશ્અરીએ કિતાબુલ રૂયતિલ કબીરમાં બે કથનો નક઼લ કર્યાં છે.

**શું એવું થઈ શકે છે કે કોઈ અત્યારે તો વલી હોય પણ બાદમાં તે એવો ન રહે ?** : જે લોકોએ વિલાયતના માટે "સારી રીતે હક્ક઼ પૂરો કરવો"ની શરત લગાડી છે તેઓ એને જાઈઝ નથી ગણતા કે વલીની આક઼ેબત બદલાઈ જાય, પણ જેઓ એવું કહે છે કે વલી અત્યારે હક઼ીક઼ી મો'મિન છે છતાં એવું થઈ શકે છે કે બાદમાં એની હાલત બદલાય જાય તો કોઈ વાંધાજનક વાત નથી, કોઈ અત્યારે તો સાચો વલી હોય અને પછી બદલાય જાય. આપણે આ વાતને માન્ય રાખી છે.





એ પણ થઈ શકે છે કે વલીને કરામતના રૂપે એ વાતનો ઈલ્મ આપવામાં આવ્યો હોય કે તે તેનો અંજામ ખૈર (ઈમાન)ની સાથે થશે. અને તે અંજામ થવાનું નહીં બદલાય. આ સ્થિતિમાં આ મસ્અલો એ જ પ્રકારનો છે જેનું વર્ણન અમે અગાઉ કરી ચૂક્યા છીએ કે એ જાઈઝ છે કે વલીને પોતે વલી હોવાનો ઈલ્મ થઈ જાય.

**શું વલી સાથે ધોકાનો ડર જતો રહે છે ?** : જો વલી પોતાના મશ્હૂદ (રબની યાદમાં અતિ તલ્લીગના)માં ડૂબેલો હોય અને પોતાની હાલતના કારણે પોતાનો એહસાસ ખોઈ ચૂક્યો હોય તો એવો શખ્સ તો હાલના ગલ્બા (હાલની કૈફિયત) હેઠળ હોવાના કારણે પોતે પોતાને ખોઈ બેઠો છે (હોશ વિનાનો છે) અને ડર તો એ લોકોને લાગે છે જેના એહસાસો (હોશ) હાજર હોય.

**હોશની હાલતમાં વલી પર કેવી કૈફિયત છવાય છે ?** : વલી હોશમાં હોવાની હાલતમાં સાચા દિલથી હક્ક઼ સુબ્હાનહૂના હક્ક઼ો અદા કરે છે તેમજ દરેક સંજોગોમાં તે મખ્લૂક઼ની સાથે મહેરબાની તથા પ્રેમપૂર્વક વર્તાવ કરે છે. સર્વ મખ્લૂક઼ પર તે પોતાની રહમતને ફેલાવે છે અને સારા અખ્લાક઼ની સાથે તેમની વાતો વગેરેને અને લોકોના દરખાસ્ત કર્યા વિના તે ખૂદ જ અલ્લાહ તઆલાને દરખાસ્ત કરે છે કે તેના પર પોતાનું એહસાન કરે. અને પોતાનું સર્વ ધ્યાન એમાં લગાડેલ રાખે છે કે મખ્લૂક઼ને નજાત હાંસલ થાય. તે **લોકોથી બદલો નથી લેતો** અને એ વાતથી બચે છે કે ક્યાંક એમાં એનાથી કીનો રાખવાનો એહસાસ પેદા ન થઈ જાય. તેમજ તે **પોતાનો હાથ લોકોનો માલ લેવા માટે નથી લંબાવતો** અને દરેક રીતે **લાલચને ત્યજી આપે છે.** પોતાની જીભ પર ક઼ાબૂ રાખે છે કે ક્યાંક તેમને બુરા ન કહે, અને પોતાના

નફ્સને તેમની બુરાઈઓ જોવાથી બચાવે છે અને તે આ દુનિયામાં તથા આખેરતમાં કોઈની સાથે કોઈ પ્રકારનો ઝઘડો નથી કરતો.

**સૌથી મહાન કરામત કઈ છે ? :** યાદ રાખો કે અવલિયાની સૌથી મહાન કરામત એ છે કે અલ્લાહ તઆલા તેમને પોતાની ફર્માંબરદારી કરવાની સદા તૌફીક઼ આપતો રહે અને ગુનાહ તથા ખુદાના હુકમોના વિરોધથી બચાવે છે.

**કુર્આન મજીદથી કરામતની દલીલ :** વલીઓની કરામતના જાહેર થવા વિશે કુર્આનમાં જે ગવાહી વર્ણન કરતાં ફર્માવે છે [જો કે તે (હઝરત મરયમ) ન નબી હતાં ન રસૂલ] :–

**كُلَّمَا دَخَلَ عَليهِا زَكَرِيَّاا المحِرَابَ وَجَدَ عِنُدَها رِزقاً** ''ઝકરિયા عليه السلام જ્યારે પણ એમની પાસે બાલાખાના (ઉપલા માળે) જતા તો એમની પાસે રિઝક (ખાવા) પામતા.'' ઝકરિયા તેમને કહે છે : **أنّی لك هذا** ''આ તમારી પાસે કેવી રીતે આવ્યું ?'' તો મરયમ કહે છે : **هُوَمِنُ عِندِ اللّٰه** ''આ અલ્લાહ તઆલા તરફથી આવ્યું છે.''

**કરામતની દલીલમાં અલ્લાહ તઆલાનું આ ફર્માન પણ છે : وَهُزِّیٓ اِلَيكَ بِجِدعِ النَّخُلهِ تُسا قِطُ عَلَيكِ رُطَباً جَنِّياً** ''ખજૂરની ડાળીને પોતાના તરફ હલાવો તો તરોતાઝા ખજૂરો પડશે.'' જ્યારે કે એ તાજી ખજૂરોની ઋતુ ન હતી.

એ જ પ્રમાણે અસ્હાફે કહફ (ગુફાવાળાઓ)ના કિસ્સામાં પણ કરામતની દલીલ જોવા મળે છે. ચિત્ર વિચિત્ર બનાવો તેમની સાથે ઉપસ્થિત થયા, દા.ત. કે કૂતરાનું તેમની સાથે વાતચીત કરવું વગેરે.

કરામતમાં જ ''ઝુલ્કરનૈન''નો કિસ્સો છે કે અલ્લાહ તઆલાએ





તેમને એ કામ કરવાની કુદરત (શક્તિ) આપી જેને અન્ય લોકો ન કરી શક્યા.

કુર્આની દલીલોમાંથી એ કરામત પણ છે જે અનોખી વાતો હઝરત ખિઝર عليه السلامથી જાહેર થઈ. દા.ત. દીવાલને ઊભી કરી આપવી અને ચિત્ર વિચિત્ર બાબતો, અને એ કે આપ એ વાતોને જાણતા હતા કે જે મૂસા عليه السلامથી છુપી હતી. આ સર્વ આદતો સામાન્ય નિયમ વિરુદ્ધની (ખારિકે઼ આદત) વાતો છે જેની સાથે ખિઝર عليه السلامને વિશિષ્ટતા પ્રાપ્ય હતી.

કરામતના બારામાં જે હદીષો રિવાયત થયેલી છે એમાં એક હદીષ જરીહ રાહિબની છે. અમને અબૂ નુઐમ અબ્દુલ માલિક બિન હસન અસ્ફરાઈનીએ વર્ણન કર્યું કે અબૂ અવાના યાકૂબ બિન ઈબ્રાહીમ બિન ઈસ્હાક઼ અમને કહ્યું, અમ્માદ બિન રિજાઅએ તેમને કહ્યું, વસ્ફ બિન જરીર બિન હ઼ાઝિમે કહ્યું, મારા પિતાએ કહ્યું કે મેં મુહમ્મદ બિન સીરીંથી સાંભળ્યું, તેમણે કહ્યું કે અબૂ હુરૈરહ્ رضى الله عنهએ રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

અબૂ અવાનાની રિવાયત છે કે એમને અસ્સગ઼ાની તથા અબૂ ઉમૈયાએ કહ્યું કે તેમનાથી અલ હસીન બિન મુહમ્મદ મરૂઝીએ કહ્યું કે અમને જરીર બિન હાઝિમ મુહમ્મદ બિન સીરીંથી રિવાયત કરી કે અબૂ હુરૈરહ્એ કહ્યું, નબી ﷺએ ફર્માવ્યું : ''ત્રણ શખ્સોએ એ વખતે વાત કરી જ્યારે તે હજી ખોળામાં હતા. ઈસા ઈબ્ને મરયમ, અને જરીહના કાળમાં એક બાળકે, તેમજ એક અન્ય બાળકે. ઈસાને તો તમે લોકો જાણો જ છો.''

જરીહનો કિસ્સો એ છે કે એ શખ્સ બની ઈસ્રાઈલમાં ઘણો જ ઈબાદતગુઝાર હતો. એની એક મા મૌજૂદ હતી. એક દિવસે એ નમાઝ પઢી રહ્યો હતો એવામાં એની માતાને તેની મુલાકાતની

ઈચ્છા થઈ જેથી તેને બૂમ પાડી, "હે જરીહ !" તેણે કહ્યું, હે ખુદા ! શું નમાઝ બેહતર છે કે એ બેહતર છે કે હું એમની પાસે જાઉં ! પછી નમાઝ પઢવા લાગ્યો. માએ ફરી બોલાવ્યો, તેણે ફરી એ જ શબ્દો કહ્યા અને પછી નમાઝ પઢતો રહ્યો. તેની માને એ વાત ન ગમી અને તેણીએ બદ્દુઆ કરી, "હે અલ્લાહ ! એને મરતા પહેલાં ઝાનિયા (બદચલન વ્યભિચારીણી) સ્ત્રીઓના ચહેરા બતાવી આપજે." બની ઈસ્રાઈલમાં એક ઝાનિયા સ્ત્રી હતી. તેણીએ કહ્યું, એને ગુમરાહ કરીશ ત્યાં સુધી કે એ ઝિના કરે. જેથી તેણી આવી પણ તેને ગુમરાહ ન કરી શકી. એક ભરવાડ રાત્રે જરીહના રૂમની પાસે રહ્યા કરતા હતો. જ્યારે જરીહને ગુમરાહ કરવાથી થાકી ગઈ તો તેણે ભરવાડને ફોસલાવી લીધો અને તેણીએ તેની સાથે ઝિના કર્યો જેનાથી એક બાળક જન્મ્યો. તે સ્ત્રીએ કહ્યું કે આ બાળક જરીહના નુત્ફાથી પેદા થયો છે. આ સાંભળીને બની ઈસ્રાઈલ જરીહની પાસે આવ્યા અને તેનું ઈબાદતખાનુ તોડી નાખ્યુ અને તેને ગાળો આપી. ત્યારબાદ જરીહે નમાઝ પઢી અને દુઆ કરી અને બાળકને હલાવ્યું. મુહમ્મદ કહે છે કે અબૂ હુરૈરહ્ ફર્માવે છે, હું નબી ﷺને હજી પણ જોઈ રહ્યો છું જ્યારે આપ એ વાત વર્ણવી રહ્યા હતા, અને એ આબિદે પોતાના હાથ વડે બાળકની તરફ ઈશારો કરીને કહ્યું, તમારો બાપ કોણ છે ? તો બાળકે જવાબ આપ્યો, "ભરવાડ !" એનાથી બની ઈસ્રાઈલને પોતાના કૃત્ય પર શરમ આવી અને તેમણે જરીહથી માફ ચાહી અને કહ્યું, તમારું ઈબાદતખાનુ સોના તથા ચાંદી વડે બનાવી દઈએ છીએ ! પણ જરીહે ન સ્વીકાર્યું અને પહેલાં જેવું હતું એવું જ બનાવી લીધું.

બીજા બાળકનો બનાવ આ પ્રમાણે છે કે એક સ્ત્રી એક દૂધ પીતા બાળકને લઈને ઊભી હતી એવામાં એક ખૂબસૂરત તથા





સારા દેખાવવાળો નવયુવાન ત્યાંથી પસાર થયો. સ્ત્રીએ કહ્યું, હે અલ્લાહ ! મારા પુત્રને એના જેવો કરી આપજે. તો બાળક બોલ્યું, હે ખુદા ! મને એના જેવો ન બનાવતો !

મુહમ્મદ કહે છે, અબૂ હુરૈરહ્ رضي الله عنهએ ફર્માવ્યું, હું હજી પણ જાણે મુહમ્મદ ﷺને જોઈ રહ્યો છું જ્યારે કે એ બાળકની વાત વર્ણન કરી રહ્યા હતા અને તે દૂધ પી રહ્યો હતો.

આ બનાવ પછી એ સ્ત્રી પાસેથી એક સ્ત્રી પસાર થઈ જેના વિશે લોકો કહેતા હતા કે તેણીએ ઝિના તથા ચોરી કરી તેણીને તેની સજા આપવામાં આવી. બાળકવાળી સ્ત્રીએ કહ્યું, મારા પુત્રને આ સ્ત્રી જેવો ન કરતો. પણ તરત જ બાળક બોલ્યું, હે ખુદા ! મને એના જેવો બનાવજે ! માએ તેનું કારણ પૂછયું તો કહ્યું કે ખૂબસૂરત નવજવાન એક જાલિમ બાદશાહ છે, અને આ સ્ત્રી વિશે લોકો કહે છે કે તેણીએ ઝિના અને ચોરી કરી છે, પણ તેણીએ ન તો ઝિના કર્યો છે ન ચોરી, અને તેણી કહે છે, "મારા માટે અલ્લાહ પૂરતો છે."

આ રિવાયત હદીષની સહીહ કિતાબોમાં જોવા મળે છે. ગુફાવાળી (અસ્હાબે કહફ) હદીષમાં પણ કરામતનું વર્ણન છે અને આ એક મશ્હૂર હદીષ છે જેનું વર્ણન હદીષની સહીહ કિતાબોમાં આવ્યું છે.

**હદીષે ગાર (ગુફા)** : અમને અબૂ નુઐમ અબ્દુલ મલિક બિન હસન અસ્ફરીનીએ બયાન કર્યું કે અબૂ અવાના યાકૂબ ઈબ્ને ઈબ્રાહીમ બિન ઈસ્હાક઼ે તેમને કહ્યું કે મુહમ્મદ બિન ઔફ (હિ.સ. ૧૨૪૭) અને યઝીદ બિન અબ્દુસ્સમદ દમિશ્કી (૧૨૪૮) અને અબ્દુલ કરીમ બિન કાસિમ દીરઆકૂલી (૧૨૪૯) તથા અબૂ હસીબ બિન મુસ્તનીર મસીસીએ તેમને કહ્યું કે અબુલ યમાન

(૧૨૫૦)એ તેમને કહ્યું કે શોઐબે (૧૨૫૧) ઝુહરીથી અને તેમણે સાલિક (૧૨૫૧) તથા તેમણે પોતાના પિતાથી સાંભળ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

"તમારાથી પહેલાં જે લોકો થયા છે તેમનામાંથી ત્રણ માણસો નીકળ્યા અને તેમણે રાતે એક ગુફામાં આશરો લીધો અને તેની અંદર ચાલ્યા ગયા. બનવા જોગ એવું બન્યું કે પહાડ પરથી એક પથ્થર સરકીને ગુફાના મુખદ્વાર પર આવી ગયો જેનાથી ગુફાનું દ્વાર બંધ થઈ ગયું. અને તેમણે આપસમાં એકબીજાને કહ્યું કે તમે આ પથ્થરથી કેવળ એ રીતે નજાત પામી શકો છો કે તમે પોતાના નેક અમલોના વસીલાથી અલ્લાહ તઆલાથી દુઆ કરો. જેથી એમનામાંથી એકે વર્ણન કર્યું :–

મારાં વૃદ્ધ માતા પિતા હતાં. હું તેમનાથી પહેલાં કોઈને દૂધ પીવા દેતો ન હતો, ન ઘરવાળાઓને ન અન્યને. એક દિવસે ઝાડોની શોધમાં મને મોડુ થઈ ગયું અને સાંજે ઘરે પરત આવ્યો તો તે બંનેવ સૂઈ ગયાં હતાં. મેં તેમના માટે દૂધ દોહ્યું અને જયારે લઈને તેમની પાસે પહોંચ્યો તો તેમને સૂતેલાં પામ્યાં. મેં તેમને જગાડવાનું પસંદ ન કર્યું અને એ પણ ન ચાહ્યું કે તેમનાથી પહેલાં મારાં બીવી બચ્ચાંને આપું. હું પ્યાલો લઈને ઊભેલો રહ્યો અને તેમના જાગૃત થવાની રાહ જોતો રહ્યો, ત્યાં સુધી કે સવાર થઈ ગઈ અને તેઓ જાગ્યાં અને તેમણે દૂધ પીધું. હે અલ્લાહ ! જો મેં આ કામ તારી રઝામંદીને ખાતર કર્યું છે તો જે મુસીબતમાં અમે સપડાયેલા છીએ તેને દૂર કરી આપ. એનાથી પથ્થર એટલા પ્રમાણમાં ખુલી ગયો કે તેઓ એમાંથી બહાર નીકળી શકતા ન હતા.

પછી રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : બીજાએ કહ્યું, હે ખુદા ! મારી એક કાકાની છોકરી હતી જેનાથી મને ખૂબ જ મહોબ્બત





હતી. મેં તેને આકર્ષવાની કોશિશ કરી પણ તે ન માની, ત્યાં સુધી કે તે દુકાળમાં સપડાઈ ગઈ અને તે મારી પાસે આવી. તો મેં તેણીને એ શર્ત પર એકસો વીસ દીનાર આપવાનો વાયદો કર્યો કે તેણી પોતાને મારા હવાલે કરી આપે, તેણી એના પર રાજી થઈ ગઈ જેથી મેં તેણીના પર સંપૂર્ણપણે કાબૂ મેળવી લીધો. તો કહેવા લાગી, તારા માટે જાઈઝ નથી કે તું હક્કના વિના મારી મહેર તોડે. જેથી હું તેણી સાથે સંભોગ કરવાથી દૂર થઈ ગયો અને તેણીને છોડી મૂકી. જો કે મને તેનાથી મહોબ્બત હતી, અને જે દીનાર મેં તેણીને આપ્યા હતા તે પણ તેણીની પાસે રહેવા દીધા. હે અલ્લાહ ! જો મેં આ કાર્ય તને રાજી કરવા માટે કર્યું છે તો જે મુસીબતમાં અમે સપડાયેલા છીએ એનાથી છૂટકારો આપ. તો પથ્થર અધિક ખસી ગયો પણ હજી પણ તેઓ એ ગુફામાંથી નીકળી શકે તેમ ન હતા.

રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે પછી ત્રીજાએ કહેવાનું શરૂ કર્યું :

હે ખુદા ! મેં અમુક મજૂરો પાસે મજૂરીથી કામ કરાવ્યું અને મેં તેમને તેમની મજૂરી આપી દીધી, પણ એક શખ્સ રહી ગયો તે પોતાનો હક્ક છોડીને ચાલ્યો ગયો. તેની મજૂરી મારી પાસે વધતી ગઈ. કેટલાક મુદ્દત પછી તે મારી પાસે આવ્યો અને પોતાની મજૂરીની માંગણી કરી. મેં કહ્યું, આ સર્વ ઊંટો, ઘેટાં, બકરાં, ગાય અને ગુલામ જે તને દેખાય છે એ તારાં છે. એના પર એણે કહ્યું, હે અલ્લાહના બંદા ! મારાથી મઝાક ન કરો ! મેં કહ્યું, હું તારાથી મઝાક નથી કરતો. જેથી તે સર્વ માલ હાંકીને લઈ ગયો અને કોઈ ચીજ બાકી ન રાખી. હે ખુદા ! જો મેં આ કામ તારી ખુશ્નુદી ખાતર કર્યું છે તો અમને આ મુસીબતથી છૂટકારો આપ ! અને આવું કહેવા પર પથ્થર હટી ગયો અને ગુફાથી નીકળીને તેઓ

ચાલ્યા ગયા."

આ એક સહીહ હદીષ છે જેના પર બુખારી તથા મુસ્લિમની એકમતિ છે.

આ કરામતોમાંથી તે હદીષ પણ છે જેમાં નબી ﷺએ વર્ણન કર્યું છે કે ગાયે એમની સાથે વાત કરી.

અમને અબૂ નુઐમ અસ્ફરાઈનીએ કહ્યું કે અબૂ અવાનાએ તેમને વર્ણન કર્યું કે યૂનુસ ઈબ્ને અબ્દુલઆ'લા (૧૨૫૨)એ તેમને કહ્યું કે ઈબ્ને વહબે (૧૨૫૪) તેમને કહ્યું, તેમને યૂનુસ બિન યઝીદે ઈબ્ને શહાબ (૧૨૫૫)થી રિવાયત કરી કે સઈદ બિન મુસૈયિબે કહ્યું કે અબૂ હુરૈરહ્એ બયાન કર્યું કે નબી ﷺએ ફર્માવ્યું,

"એકવાર એક શખ્સ પોતાની ગાય લઈને જઈ રહ્યો હતો અને તેના પર બોજ લાદેલ હતો. અચાનક ગાયે તેના તરફ ધ્યાનિત થઈને કહ્યું, હું આ કામને માટે પેદા કરવામાં નથી આવી ! હું તો ખેતીવાડીના માટે પેદા કરવામાં આવી છું. આ સાંભળીને લોકોએ સુબ્હાનલ્લાહ ! કહ્યું. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હું અબૂબક્ર તથા ઉમર સૌ એના પર ઈમાન લાવીએ છીએ.

એ જ પ્રમાણે ઉવૈસ કરનીવાળી હદીષ છે અને પછી જે કાંઈ હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہએ એમની સાથે પરિસ્થિતિનો અનુભવ કર્યો. ત્યાર બાદ ઉવૈસનું હરમ બિન હ્યાન (૧૨૫૭)થી મુલાકાત કરવું અને એકબીજાને સલામ કહેવું તેમ છતાં કે એથી પહેલાં બંનેવ એકબીજાને ઓળખતા ન હતા. આ સર્વ બનાવો સામાન્ય નિયમો વિરુદ્ધ છે. અમે ઉવૈસવાળી હદીષ એટલા માટે નથી વર્ણવી કે એ હદીષ ઘણી જ મશ્હૂર છે. સહાબા, તાબઈન તથા તેમના પછીના લોકો થકી એટલા પ્રમાણમાં કરામતો જાહેર થઈ કે એ ખૂબ જ ખ્યાતિ પામી ચૂકેલ છે.





કરામતોના વિશે ઘણી કિતાબો પ્રસિદ્ધ કરવામાં આવી છે. અમે અમુક કરામતોને ટૂંકાણમાં વર્ણન કરીશું, ઈન્શાઅલ્લાહુ તઆલા ﷻ.

### ★ ઈબ્ને ઉમરે સિંહને હાંકી કાઢયો ★

એકવાર ઈબ્ને ઉમર رضی اللہ عنہما સફરમાં જઈ રહ્યા હતા. રસ્તામાં તેમને કેટલાક લોકો મળ્યા જેઓ સિંહના ડરથી માર્ગમાં રોકાઈ ગયા હતા. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ સિંહને રસ્તામાંથી હાંકી કાઢયો અને ફર્માવ્યું, માણસ પર તે ચીજોને સવાર કરવામાં આવે છે જેનાથી તે ડરે છે. જો તે અલ્લાહ તઆલા સિવાય કોઈનાથી ન ડરે તો તેના પર કોઈ ચીજ સવાર ન થાય. આ એક મશ્હૂર રિવાયત છે.

### ★ સમુદ્રના પાણી પર ચાલીને પાર નીકળી ગયા ! ★

રિવાયત કરવામાં આવી છે કે આં હઝરત ﷺએ અલાઅ્ બિન હઝરમી رحمۃ اللہ علیہ (૧૨૮૫)ને એક જંગના માટે રવાના કર્યા. રસ્તામાં સમુદ્રનો એક હિસ્સો આવી ગયો. અલાએ ઈસ્મે આ'ઝમના વસીલાથી દુઆ કરી અને પાણી પર ચાલીને પાર થઈ ગયા.

### ★ લાકડીના છેડામાંથી પ્રકાશ વેરાયો ! ★

રિવાયત છે કે એતાબ બિન બુશ્ર અને ઉસૈદ બિન હઝીર રસૂલુલ્લાહ ﷺની પાસેથી નીકળીને રાતના અંધકારમાં રવાના થયા તો રસ્તામાં તેમની લાઠીની ટોચ ચિરાગ જેમ પ્રકાશ વેરવા માંડી.

### ★ પ્યાલાએ અલ્લાહની તસ્બીહ પઢી ! ★

રિવાયત કરવામાં આવી છે કે હઝરત સલ્માન તથા હઝરત અબૂ દરદા رضی اللہ عنہની સામે એક પ્યાલો હતો જેણે અલ્લાહની

તસ્બીહ બયાન કરવાનું શરૂ કરી આપ્યું અને તે બંનેવે એને સાંભળ્યું.

એ પણ રિવાયતમાં આવ્યું છે કે નબી ﷺએ ફર્માવ્યું, ઘણા વેર વિખેર વાળો તથા ધૂળવાળા શરીરવાળા લોકો જેમણે ચિથરાં પહેરી રાખ્યાં છે અને જેમને લોકો કોઈ ગણનામાં નથી લેતા (તુચ્છ સમજે છે), એવા હોવા છતાં જો તેઓ કસમ ખાઈને કોઈ વાત કહી આપે તો અલ્લાહ તઆલા તેને પૂરી કરી આપશે.

## ★ વાદળાંમાંથી ગયબી અવાજ આવ્યો ! ★

અમને અલી ઈબ્ને અહમદ બિન અબ્દાને કહ્યું કે તેમને અહમદ બિન ઓબૈદુસ્સફારે વર્ણન કર્યું કે અબૂ મુસ્લિમે તેમને કહ્યું કે અમ્ર બિન મરઝૂકે તેમને કહ્યું કે અબ્દુલ અઝીઝ બિન અબી સલ્મા અલ્માજષૂને તેમને કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એકવાર એક શખ્સે કોઈ વાત કહી તો તેને વાદળોની ગર્જના સંભળાયી અને વાદળોથી એક અવાજ સંભળાયો કે, ''ફલાણા શખ્સના બાગને તૃપ્ત કરો !'' જેથી એ વાદળ એક ખુલ્લા મેદાનમાં જઈને વરસ્યું. એ શખ્સ વાદળોની પાછળ પાછળ થઈ ગયો. શું જુએ છે કે એક શખ્સ ઉભો રહીને બાગમાં નમાઝ પઢી રહ્યો છે. તેણે પૂછયું, તમારું નામ શું છે ? તેણે બતાવ્યું કે મારું નામ ફલાણુ છે, અને પોતાનુ સાચુ નામ બતાવ્યું. તે શખ્સે ફરી સવાલ કર્યો કે જ્યારે તું બાગનું ફળ કાપે છે તો શું કરે છે ? તેણે કહ્યું કે તું આ સવાલ શા માટે કરે છે ? તેણે જવાબ આપ્યો કે મેં વાદળોમાંથી કોઈને એવું કહેતાં સાંભળ્યો હતો કે ફલાણા શખ્સના બાગમાં પાણી આપો. તેના પર તેણે કહ્યું, હવે જ્યારે તેં આ વાત બતાવી છે તો સાંભળી લે કે હું આ બાગની ફસલના ત્રણ ભાગ પાડુ છું એમાંથી ૧/૩ મારા માટે




તથા મારાં બાળ બચ્ચાં માટે રાખુ છું, ૧/૩ બાગના માટે અને ૧/૩ મિસ્કીનો તથા મુસાફરો માટે.

## ★ જંગલી જાનવરોની ઝિયાફત ! ★

મેં અબૂ હાતિમ સુબ્હસ્તાનીને ફર્માવતાં સાંભળ્યા કે તેમણે અબૂ નસ્ર સિરાજથી સાંભળ્યું. ફર્માવતા હતા, અમે તુસ્તર ગયા અને ત્યાં સહલ બિન અબ્દુલ્લાહના મહલમાં એક મકાન અમે જોયું જેને લોકો ''દરિન્દાઓનું ઘર'' કહ્યા કરતા હતા. (દરિન્દા : ફાડી ખાનાર જંગલી જાનવર) અમે જ્યારે એના વિશે પૂછયું તો લોકોએ બતાવ્યું કે જંગલી જાનવરો સહલની પાસે આવ્યા કરતાં હતાં અને તે એમને ઘરમાં લાવીને તેમની ઝિયાફત ગોશ્ત વડે કરતા અને પછી તેને છોડી મૂકતા. અબૂ નસ્ર ફર્માવે છે કે આ બનાવની સચ્ચાઈ માટે સર્વ તુસ્તરવાસીઓની એકમતિ છે અને કોઈ પણ એનાથી ઈન્કાર કરતો ન હતો, જ્યારે કે તેઓ ઘણી મોટી સંખ્યામાં છે.

## ★ દિલનો ઈરાદો જાણી લીધો ! ★

મેં મુહમ્મદ બિન અહમદ બિન મુહમ્મદ તમીમીથી સાંભળ્યું કે અબ્દુલ્લાહ બિન અલી સૂફીએ તેમને કહ્યું કે હમ્ઝા બિન અબ્દુલ્લાહ અલ્વી ફર્માવતા હતા કે હું અબુલ ખૈર તૈનાતીની ખિદમતમાં હાજર થયો અને મેં દિલમાં એ ઈરાદો કરી રાખ્યો હતો કે હું કેવળ સલામ કરીને ચાલ્યો આવીશ અને તેમને ત્યાં ખાવા ખાઈશ નહીં. જ્યારે હું એમની પાસેથી ચાલ્યો અને હજી થોડુક જ ચાલ્યો. હોઈશ તો શું જોઉં છું કે તે મારી પાછળ ખાણાની તબાક લઈને આવી રહ્યા છે. ફર્માવ્યું, હવે જ્યારે તમે તમારો ઈરાદો પૂરો કરી ચૂક્યા છો તો ખાવા ખાઈ લો ! અબુલ ખૈર તૈનાતી કરામત જાહેર કરવામાં મશ્હૂર છે.

## ★ સિંહને ધમકાવતાં તે ચાલ્યો ગયો ! ★

ઈબ્રાહીમ રક઼ી બયાન કરે છે કે હું સલામ કરવાના માટે તેમની પાસે ગયો. આપે મગરિબની નમાઝ અદા કરી, પણ સૂરએ ફ઼ાતિહા પણ સહીહ રીતે અદા ન કરી શક્યા. (કોઈ તકલીફ રહી હશે) મેં દિલમાં કહ્યું કે આખી સફર બેકાર થઈ ગઈ. જ્યારે મેં સલામ ફેરવી તો હું કુદરતી હાજત માટે નીકળ્યો. એક સિંહ મારી તરફ લપક્યો તો હું તેમની પાસે પરત ચાલ્યો આવ્યો અને અર્ઝ કરી કે એક સિંહ મારા તરફ આવી રહ્યો છે. આપે બહાર નીકળીને સિંહને અવાજ આપ્યો અને કહ્યું, શું મેં તને એવું નથી કહી રાખ્યું કે મારા મહેમાનોને છેડયા ન કર ? ! આ સાંભળીને સિંહ ચાલ્યો ગયો અને મેં હાજતથી ફરાગત મેળવી લીધી. જ્યારે એમની પાસે આવ્યો તો ફર્માવ્યું, તમે લોકો તમારા જાહેરને દુરુસ્ત કરવામાં મશ્ગૂલ છો જેથી તમે સિંહથી ડરો છો અને અમે અમારાં દિલોને દુરુસ્ત કરવામાં મશ્ગૂલ હોઈએ છીએ જેથી સિંહ અમારાથી ડરે છે.

## ★ નદીમાં ખોવાયેલ નગીનો મળી ગયો ! ★

કહે છે કે જઅફર ખુલ્દીની પાસે એક નગીનો હતો. એક દિવસ એ નગીનો દજલા નદીમાં પડી ગયો. એમને એક દુઆ યાદ હતી જે ખોવાયેલી ચીજને પરત કરવામાં અનુભવાયેલી હતી. તેમણે દુઆ પઢી તો છેવટે વરકો શોધતાં શોધતાં નગીનો તેમને મળી ગયો.

મેં અબૂ હાતિમ સુબ્હસ્તાનીને ફર્માવતાં સાંભળ્યાં, તે કહેતા હતા કે મેં અબૂ નસ્ર સિરાજને ફર્માવતાં સાંભળ્યું કે તે દુઆ આ છે : **يَاجَامِعَ النَّاسِ لِيَوْمٍ لَا رَيْبَ فِيْهِ اِجْمَعْ عَلَيَّ ضَالَّتِى**

"હે ખુદા ! જે લોકોને તે દિવસે ભેગા કરીશ જે દિવસ આવવામાં





કોઈ શંકા નથી, મારી ખોવાયેલી ચીજ મને આપી દે."

## ★ હવામાં હાથ મારી ઘન પદાર્થ મુઠ્ઠીમાંથી કાઢતા ! ★

મેં અહમદ તાબરાનીને પૂછયું, શું તમારાથી કોઈ કરામત જાહેર થઈ ? ફર્માવ્યું, જ્યારે હું મુરીદ થયો અને મારો પણ શરૂનો સમય હતો, તો હું ઈસ્તિંજાના માટે પથ્થર શોધતો હતો. જ્યારે મને કાંઈ ન મળતુ તો હું હવામાંથી કાંઈ પકડી લેતો જે ઘન પદાર્થ બની જતી અને તેના વડે હું ઈસ્તિંજા કરીને તેને ફેંકી દેતો. પછી ફર્માવ્યું, કરામતમાં શી મહાનતા સમાયેલી છે ?! કરામતથી હેતુ કેવળ એ જ કે તૌહીદના વિશે માણસનું યક઼ીન મજબૂત થઈ જાય. જેથી જે શખ્સ અલ્લાહ તઆલા સિવાય કોઈ અન્યને મૂજિદ (સર્જક) નથી માનતો તેના માટે એક જ વાત છે ચાહે રોજનીશીની જેમ વાત લોકોને કરી બતાવે, ચાહે રોજના નિયમથી વિરુદ્ધની વાત (આશ્ચર્યમય) દેખાડે.

## ★ રેતાળ જમીન સોનુ બની ગઈ ! ★

મેં મુહમ્મદ બિન અહમદ સૂફ઼ીથી સાંભળ્યું કે અબ્દુલ્લાહ બિન અલીએ કહ્યું કે અબુલ હસન બસરી ફર્માવતા હતા કે અબ્બાદાનમાં એક શ્યામ વર્ણનો ફક઼ીર હતો જે કોઈ વેરાન જગામાં રહેતો હતો. મેં એના માટે કાંઈક લીધુ અને એની તલાશમાં નીકળ્યો. જ્યારે એની નિગાહ મારા પર પડી તો સ્મિત વેર્યું અને જમીનની તરફ હાથ વડે ઈશારો કર્યો, મેં જોયું કે આખી જમીન સોનાથી ચમકી રહી હતી. પછી ફર્માવ્યું, શું લાવ્યા છો ? મેં એ ચીજ તેમને આપી દીધી અને હું ડરનો માર્યો નાસી આવ્યો.

## ★ ટૂંકી લાકડી ખેંચતાં લાંબી થઈ ગઈ ! ★

અબૂ બક્ર અન્માતી કહે છે કે હું જંગલમાં મારા ઉસ્તાદની સાથે

હતો એવામાં વરસાદ આવ્યો. અમે વરસાદથી બચવા એક મસ્જિદમાં ચાલ્યા ગયા. તેની છત ટપકી રહી હતી. અમે એક લાકડી લઈને છત પર ચઢી ગયા જેથી છતને ઠીક કરીએ, પણ લાકડી નાની હોવાના કારણે દીવાલ સુધી ન જતી હતી. મારા ઉસ્તાદે મને કહ્યું, એને ખેંચો ! મેં એને ખેંચી તો આ બાજુથી તે બાજુ સુધી દીવાલ પર ચઢી ગઈ !

### ★ શરીઅત વિના હક઼ીક઼ત કાંઈ નથી ★

મેં મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીથી સાંભળ્યું કે મુહમ્મદ અહમદ નજ્જારે કહ્યું કે મેં રક઼ીથી સાંભળ્યું કે અબૂ બક્ર દક઼ાક઼ ફર્માવતા હતા કે હું બની ઈસ્રાઈલના જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો એવામાં મારાં દિલમાં ખયાલ આવ્યો કે હક઼ીક઼તનો ઈલ્મ કાંઈ ઓર છે અને શરીઅતનો ઈલ્મ કાંઈ ઓર છે. એના પર એક ઝાડ નીચેથી અવાજ આવ્યો, દરેક તે હક઼ીક઼ત જેનું સમર્થન શરીઅતથી નથી થતું તે કુફ્ર છે.

### ★ ઈશારામાં જક્ડાઈ ગયેલો હાથ છૂટી ગયો ! ★

એક શખ્સનું બયાન છે કે હું ખયર નસ્સાજની પાસે હતો એવામાં એક શખ્સ આવ્યો અને કહેવા લાગ્યો, હે શયખ ! મેં કાલે તમને જોયા કે તમે સૂતર વેચીને બે દિરહમ હાંસલ કર્યા છે અને હું આપની પાછળ થઈ ગયો, અને આપના તેહબંદથી ખોલીને લઈ ગયો. હવે મારો હાથ જક્ડાઈ ગયો છે. આ સાંભળીને નસ્સાજ હસ્યા અને તેના હાથ તરફ ઈશારો કર્યો તો તે મુક્ત થઈ ગયો. પછી ફર્માવ્યું, જા ! તારાં બીવી બચ્ચાં માટે એ દિરહમોથી કાંઈ ખરીદી લે અને હવે પછી આવું ન કરતો.





### ★ ખાધા વિના બાર દિવસ સતત ચાલતા રહ્યા ! ★

અબૂ સઈદ ખરાઝે રિવાયત કરી. ફર્માવે છે કે એક વાર હું સફરમાં હતો અને દર ત્રણ દિવસ બાદ કોઈ ને કોઈ ચીજ મને મળી જતી અને હું તે ખાઈ લીધા કરતો અને કાંઈક શક્તિ મેળવી લેતો. એકવાર ત્રણ દિવસ પસાર થઈ ગયા અને કોઈ ચીજ જાહેર ન થઈ જેના કારણે હું કમજોર થઈ ગયો અને બેસી ગયો. એના પર ગયબથી અવાજ આવ્યો, શું પસંદ કરો છો ? અસબાબ કે શક્તિ ? મેં કહ્યું, શક્તિ ચાહું છું. પછી હું એ જ વખતે ઉઠયો અને બાર દિવસ સતત ચાલતો રહ્યો ! ન કોઈ ચીજ ખાધી ન કમજોર થયો.

### ★ સફરમાં ન ભૂખ લાગી ન તરસ ! ★

મરતઅશથી રિવાયત છે કે તેમણે ખવાસને ફર્માવતાં સાંભળ્યા કે હું કેટલાય દિવસ જંગલમાં હેરાન પરેશાન ભટક્તો રહ્યો. પછી એક શખ્સે આવીને સલામ કરી અને કહ્યું, શું તમે રસ્તો ભૂલી ગયો છો ?! મેં કહ્યું, હા ! તેણે ફરી કહ્યું, શું હું તમને રસ્તો બતાવું ? આમ કહીને તે મારી આગળ થોડાક ડગલાં ચાલીને નજરોથી અદશ્ય થઈ ગયો. મેં જોયું તો હું મુખ્ય માર્ગ પર હતો. ત્યાર બાદ ન તો હું માર્ગેથી ભટક્યો અને ન મને સફરમાં ભૂખ કે તરસ લાગી.

### ★ મૃત્યુ બાદ તખ્તા પર હસતા રહ્યા ! ★

મેં મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીથી સાંભળ્યું કે ઉમર બિન યહ્યા અર્દબીલીએ તેમને કહ્યું અર્રક઼ા કહેતા હતા કે ઈબ્ને જિલાઅ્ કહેતા હતા કે જ્યારે મારા વાલિદ મૃત્યુ પામ્યા તો તખ્તા પર પડયા પડયા મુસ્કુરાયા, જેથી કોઈની તેમને ગુસ્લ આપવાની હિંમત ન થઈ અને તે કહેતા કે એ તો જીવે છે ! ત્યાં સુધી કે તેમના

સમાન મર્તબાવાળા લોકોમાંથી એક શખ્સે આવીને તેમને ગુસ્લ આપ્યું.

### ★ ૭૦ દિવસો સુધી ખાધા વિના રહેતા ! ★

મેં મુહમ્મદ બિન અહમદ તમીમીથી સાંભળ્યું, તેમણે અબ્દુલ્લાહ બિન અલીથી સાંભળ્યું કે તલ્બા કસાઈરી કહેતા હતા કે અલ મફતાહ સાહબ સહલ બિન અબ્દુલ્લાહ ફર્માવતા હતા કે સહલ બિન અબ્દુલ્લાહ સિત્તેર દિવસો સુધી ખાધા વિના રહી શક્તા હતા અને એમની એ હાલત હતી કે જ્યારે ખાવા ખાતા તો કમજોર થઈ જતા અને જ્યારે ભૂખ્યા રહેતા તો શક્તિવાન થઈ જતા !

### ★ સદંતર ખાધા પીધા વિના રમઝાન ગુજાર્યો ! ★

અબૂ ઓબૈદ બુસ્રીનો એ તરીકો હતો કે જ્યારે રમઝાન શરીફ શરૂ થતો તો એક રૂમમાં પૂરાય જતા અને પોતાની પત્નીને કહેતા કે દરવાજા પર પ્લાસ્ટર કરી આપ, અને દર રાત્રે બારીમાંથી એક રોટી મૂકી આપ્યા કર. જ્યારે ઈદનો દિવસ થતો તો દરવાજો ખોલતા અને તેમનાં પત્ની રૂમમાં જતાં તો જોતાં કે ત્રીસે ત્રીસ રોટીઓ તેવી ને તેવી જ એક ખૂણામાં પડેલી છે, તેમણે ન ખાધુ હોતુ ન પીધુ હોતુ અને ન સૂતેલા રહ્યા, અને ન કોઈ રકાત છૂટેલી હોતી.

### ★ નમાઝના સમયે અપંગપણુ જતુ રહેતુ ! ★

અમને મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીએ કહ્યું કે તેમને અબુલ હસન નામના શઅવાનના ગુલામે કહ્યું કે અલી બિન સાલિમ ફર્માવતા હતા કે સહલ બિન અબ્દુલ્લાહ અંતિમ વયે અપંગ થઈ ગયા. પણ જ્યારે નમાઝનો સમય આવતો તો તેમના હાથ તથા પગો ખુલી જતા હતા, અને જ્યારે ફર્ઝ નમાઝથી પરવારતા તો





ફરી એ જ અપંગ હાલત થઈ જતી.

### ★ નફ્સની ખ્વાહિશોને ત્યજનારનો મર્તબો ! ★

અબૂ ઈમરાનથી કહેવામાં આવ્યું છે કે એ ફર્માવતા હતા કે એકવાર સમુદ્રમાં કશ્તી તૂટી ગઈ અને હું તથા મારી પત્ની એક તખ્ત પર રહી ગયાં અને મારી પત્નીને એ જ હાલતમાં એક પુત્રી જન્મી. મારી પત્નીએ ચીસ પાડીને કહ્યું કે હું તરસથી મરી રહી છું ! મેં કહ્યું કે **અલ્લાહ તઆલા આપણી હાલતને જોઈ રહ્યો છે.** મેં જેવું માથુ ઉઠાવ્યું તો શું જોઉં છું કે એક શખ્સ હવામાં બેઠેલો છે અને એના હાથમાં સોનાની એક સાંકળ છે અને એમાં લાલ યાકૂતનો એક માટીનો કૂજો છે. તેણે કહ્યું, આ લો ! પીઓ ! અબૂ ઈમરાન કહે છે કે મેં કૂજો લીધો અને અમે પાણી પીધું. એ કસ્તૂરી કરતાં પણ અધિક ખુશબુદાર, બરફથી અધિક ઠંડુ અને મધ કરતાં અધિક મીઠુ હતું. મેં તેને પૂછયું, તું કોણ છે ? અલ્લાહ તઆલા તારા પર રહમ કરે ! તેણે જવાબ આપ્યો કે તમારા મૌલાનો એક અદના ગુલામ છું. મેં ફરી પૂછયું કે તું આ મર્તબા સુધી કેવી રીતે પહોંચ્યો ? તેણે જવાબ આપ્યો કે મેં એની રઝામંદીની ખાતર મારી ખ્વાહિશોને ત્યજી જેથી એણે મને હવામાં બેસાડી આપ્યો. ત્યાર બાદ તે અદશ્ય થઈ ગયો અને ફરી મેં તેને નથી જોયો. *(રિસાલાએ કુશૈરિયા)*

### ★ એક નવ જવાનની કરામત ★

અમને મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીએ કહ્યું કે બુકરાન બિન અહમદ જલીલીએ કહ્યું કે યૂસુફ બિન હુસૈને બયાન કર્યું કે મેં ઝુન્નૂન મિસ્રી رحمة الله عليه ને ફર્માવતાં સાંભળ્યા કે મેં એક નવજવાનને કા'બાની પાસે જોયો કે ઘણા જ રુકૂઅ તથા સજદા કરી રહ્યો છે. મેં તેની નજીક જઈને પૂછયું કે તું ખૂબ જ નમાઝો પઢે છે ?! તેણે

જવાબ આપ્યો, હું રબથી પાછા જવાની ઈજાઝત મળવાની રાહ જોઈ રહ્યો છું. ઝુન્નૂન કહે છે કે મેં જોયું કે એક ચિટ્ઠી પડી જેમાં લખ્યું હતું કે અઝીઝ ગફૂરની તરફથી મારા સાચા બંદાની તરફ પાછા ચાલ્યા જાવ, તમારા સર્વ આગલા પાછલા ગુનાહો માફ થયા.

### ★ બંને આંખો નીકળીને પડી ગઈ ! ★

એક સૂફી કહે છે કે હું મદીના તયબહમાં મસ્જિદે નબવીમાં એક જમાઅતની સાથે બેઠો હતો. અમે લોકો કુર્આની આયતોમાં એકબીજા સાથે મુક઼ાબલો કરી રહ્યા હતા અને અમારી નજીક જ એક અંધ માણસ સાંભળી રહ્યો હતો. તે અમારી તરફ આવ્યો અને કહેવા લાગ્યો કે તમારું કલામ સાંભળીને ઘણી જ લાગણી (ખેંચાણ) પેદા થઈ. તમને જાણ હોવી જોઈએ કે મારાં બાળકો અને બીવી હતી અને હું બક઼ીઅમાં જઈને બળતણ ભેગુ કર્યા કરતો હતો. એક દિવસ જેવો ત્યાં ગયો તો એક નવજવાનને જોયો તેણે કંતાનનું કમીસ પહેરેલ છે અને જોડા આંગળીમાં રાખેલા હતા. મને વિચાર આવ્યો કે આ પાગલ છે, જેથી મેં તેનાં કપડાં છીનવાનો ઈરાદો કર્યો અને કહ્યું કે સર્વ કપડાં ઉતારી નાખ ! તેણે કહ્યું કે અલ્લાહ તઆલાની હિફાઝતમાં ચાલ્યા જાવ ! મેં બેવાર તથા ત્રણવાર કહ્યું તો તેણે કહ્યું કે એના વિના ઉપાય નથી ?! મેં કહ્યું, નહીં ! એના પર તેણે પોતાની બંનેવ આંગળીઓથી મારી બંનેવ આંખોના તરફ ઈશારો કર્યો અને મારી બંને આંખો ગબડી પડી ! પછી મેં તેને અલ્લાહની ક઼સમ આપીને પૂછયું કે તું કોણ છે ? કહ્યું, ઈબ્રાહીમ ખવાસ !

### ★ સર્વ માછલીઓનાં મોઢામાં ઝવેરાત ! ★

ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે એકવાર હું નાવડીમાં હતો





તો કોઈનો ધાબળો ચોરાઈ ગયો, લોકોએ એક શખ્સ પર ચોરીનો આક્ષેપ લગાડયો. મેં કહ્યું, મને એની સાથે નમ્રતાપૂર્વક વાત કરી લેવા દો. તે નવયુવાન ચાદર ઓઢીને સૂતેલો હતો. તેણે પોતાનું માથુ ચાદરમાંથી કાઢયું. ઝુન્નૂને તેને ચોરીના વિશે પૂછયું, તેણે મને કહ્યું કે, શું તું એવું કહે છે કે ચોરી મેં કરી છે ? યા ઈલાહી ! હું તને ક઼સમ આપું છું કે જેટલા પ્રમાણમાં પણ માછલીઓ છે સર્વ ઝવેરાત (હીરા, મોતી) લઈને આવી જાય ! ઝુન્નૂન કહે છે કે અમે જોયું કે સમંદરની સપાટી પર સૌ માછલીઓ જ માછલીઓ હતી અને તેમના મોઢામાં ઝવેરાત હતાં. ત્યારબાદ તે શખ્સે પોતે સમંદરમાં કુદકો માર્યો અને કિનારે પહોંચી ગયો. *(રિસાલએ કુશૈરિયહ)*

### ★ ઈબ્રાહીમ ખવાસ رحمۃ اللہ علیہની કરામત ★

ઈબ્રાહીમ ખવાસ વર્ણવે છે કે એકવાર હું જંગલમાં ગયો તો મેં એક ઈસાઈને જોયો કે તેની કમરમાં જનોઈ છે. એણે મને દરખાસ્ત કરી કે હું તેને મારી સાથે રહેવા દઉં. અમે સાત દિવસ સુધી ચાલતા રહ્યા. ત્યારબાદ કહેવા લાગ્યો, હે મુસલમાન ધર્મગુરૂ ! મને ભૂખ લાગી છે, હવે જો તમારી પાસે કોઈ કરામત છે તો રજૂ કરો. મેં કહ્યું, હે ખુદા ! મને આ કાફિરની સમક્ષ બેઈજ્જત ન કરતો ! અચાનક એક તબાક઼ જેના પર રોટી, શેકેલો ગોશ્ત, તાજી ખજૂરો અને પાણીનો એક કૂજો જાહેર થયો. અમે ખાધુ અને પીધુ અને ફરી સાત દિવસ સુધી ચાલતા રહ્યા, ત્યારબાદ મેં પહેલ કરી અને કહ્યું, હે ઈસાઈઓના પાદરી ! હવે જે તમારી પાસે છે તે તમે રજૂ કરો ! કેમ કે હવે તમારી વારી છે. તેણે પોતાની લાઠી પર સહારો લઈને દુઆ કરી તો બે તબાક઼ આવી ગયા જેના પર મારા તબાક઼ કરતાં બમણી ચીજો હતી. ખવાસ કહે છે કે મને આશ્ચર્ય થયું અને

મારો રંગ બદલાઈ ગયો અને મેં ખાવાથી ઈન્કાર કરી આપ્યો. તેણે આગ્રહ કર્યો છતાં હું ન માન્યો. તેણે કહ્યું, ખાવ ! હું તમને બે ખુશખબરી સંભળાવું છું ! પ્રથમ એ કે હું મુસલમાન છું, અને કલ્મએ શહાદત પઢીને તેણે જનોઈ કાઢી નાખી, અને બીજી ખુશખબરી એ છે કે, મેં જે દુઆ માંગી હતી તેમાં એવું કહ્યું હતું કે યા ઈલાહી ! જો તારા ત્યાં આ શખ્સની કોઈ કદર તથા મર્તબો છે તો મારા માટે ગૈબથી કાંઈક આપી દે, જેથી આ ચીજો આપવામાં આવી. ખવાસ કહે છે કે અમે ખાઈને ફરી ચાલી નીકળ્યા. તેણે હજ્જ અદા કરી અને એક વરસ સુધી મક્કામાં રહ્યો, ત્યારબાદ તે મૃત્યુ પામ્યો અને તેને બતહામાં દફન કરવામાં આવ્યો.

## ★ બે આબિદોની બરકત ★

મુહમ્મદ બિન મુબારક સૂરી رحمۃ اللہ علیہ કહે છે કે બયતુલ મુકદ્દસ જતાં હું ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہની સાથે હતો. અમે કયલૂલા (બપોરના આરામ) વખતે દાડમના ઝાડની નીચે પડાવ નાખ્યો અને થોડીક રકાતો પઢી. ત્યારબાદ દાડમના ઝાડના મૂળ માંથી મને એક અવાજ સંભળાયો કે, હે અબૂ ઈસ્હાક ! મહેરબાની કરીને મારુ થોડુક ફળ ખાઈ લો ! આ સાંભળીને ઈબ્રાહીમે પોતાનુ માથુ નીચે કરી લીધું. એ અવાજે એ જ વાત ત્રણવાર કરી. પછી કહ્યું, હે મુહમ્મદ ! મારી સિફારિશ કરો જેથી એઓ મારું થોડુક ફળ ખાઈ લે. એના પર મેં કહ્યું, હે અબૂ ઈસ્હાક ! તમે સાંભળી રહ્યા છો ?! જેથી આપે ઉઠીને બે દાડમ લીધાં, એક પોતે ખાધુ અને એક મને આપ્યું. મેં ખાધુ તો તે દાડમ ખાટુ હતું અને એ કદમાં નાનુ હતું. પાછા ફરતી વેળા ત્યાંથી પસાર થયા તો જોયું કે તે એક ઊંચુ ઝાડ હતું અને તેનાં ફળ મીઠાં હતાં ! અને વરસમાં બે વાર ફળ આવતાં હતાં. લોકો તેને રુમ્માનુલ આબિદીન (બે





આબિદોનું દાડમ) કહેતા અને આબિદ લોકો તેના છાયામાં પનાહ લેતા. *(રિસાલા કુશૈરિયહ)*

## ★ સિંહ પર સવાર થઈને શહેરમાં પહોંચ્યા ★

મેં મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીથી સાંભળ્યું, તેમણે મુહમ્મદ બિન ફરખાનથી સાંભળ્યું કે જુનૈદે તેમને કહ્યું કે અબૂ જઅફર હઝ્ઝાફ ફર્માવતા હતા કે જાબિર રહબીએ મને કહ્યું કે રહબાના રહેવાસીઓ મારી સમક્ષ કરામતોનો ઈન્કાર કર્યા કરે છે. જેથી હું એક દિવસ સિંહ પર સવાર થઈને રહબામાં પહોંચી ગયો અને કહ્યું, ક્યાં છે તે લોકો જેઓ અવલિયા અલ્લાહને જૂઠલાવે છે ?! જાબિર કહે છે કે ત્યારબાદ તે લોકોએ મારાથી ઝઘડો નથી કર્યો.

## ★ એક નવયુવાનની કરામત ★

મેં મન્સૂર મગરબીને ફર્માવતાં સાંભળ્યા કે એક શખ્સની મુલાકાત ખિઝર علیہ السلام ની સાથે થઈ. તેણે એમને પૂછયું કે આપે આપનાથી વિશેષ કોઈ શખ્સને જોયો છે ? તેમણે જવાબ આપ્યો. હા ! અબ્દુર્રઝ્ઝાક બિન હુમામ મદીનામાં હદીષની રિવાયત બયાન કર્યા કરતા હતા અને લોકો એમની આસપાસ બેસીને સાંભળ્યા કરતા. એમનાથી થોડાક અંતરે મેં એક નવયુવાનને જોયો કે પોતાના ગુઠણો પર માથી રાખીને બેઠો છે. મેં તેને કહ્યું, અબ્દુર્રઝ્ઝાક, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની હદીષોની રિવાયત કરી રહ્યા છે તો આપ કેમ નથી સાંભળતા ? તે નવજુવાને કહ્યું, એઓ તો મૈયતથી રિવાયત કરી રહ્યા છે અને હું અલ્લાહ عزوجلથી ગાયબ નથી. એના પર મેં એમને કહ્યું કે જો વાત આ પ્રમાણે છે તો બતાવો ! હું કોણ છું ? તેણે માથુ ઉઠાવીને કહ્યું, "તમે મારા ભાઈ અબુલ અબ્બાસ ખિઝર છો." મને જાણ થઈ ગઈ કે અમુક અલ્લાહ

તઆલાના એવા બંદાઓ છે જેમને હું નથી જાણતો.

### ★ ઈબ્રાહીમ બિન અદહમના મુરીદની કરામત ★

કહે છે કે ઈબ્રાહીમ બિન અદહમનો યહ્યા નામી એક મુરીદ હતો તે એક એવા ઉપરના માળ પર ઈબાદત કરતો હતો જેને કોઈ દાદર ન હતો. જ્યારે તે ક઼ઝાએ હાજત કરવા ચાહતો તો પોતાના માળના દરવાજા પર આવીને કહેતો لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ અને હવામાંથી એવી રીતે પસાર થઈ જતો જેવી રીતે કે એક પક્ષી પસાર થઈ જાય છે. જ્યારે ફારિગ થઈ જતો તો ફરી لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ પઢતો અને માળ પર પાછો પહોંચી જતો.

### ★ સવાલ કરતાં પહેલાં જવાબ ! ★

અમને મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીએ કહ્યું કે ઉમર બિન અહમદ શીરાઝી બસરીએ કહ્યું કે અબૂ મુહમ્મદ, જઅફર અલ હઝાઅ્ શીરાઝી ફર્માવતા હતા કે હું અબૂ ઉમર સતખરીની પાછળ નમાઝ પઢયા કરતો હતો. જ્યારે કદી દિલમાં કોઈ ખયાલ આવતો તો હું એમની પાસે ઈસ્તખર જતો. મોટાભાગે એવું થતું કે હું સવાલ કરું તે પહેલાં સામેથી તે મને જવાબ આપી દેતા ! અને ક્યારેક એવું થતું કે હું સવાલ કરતો અને તે જવાબ આપી દેતા. ત્યારબાદ હું વ્યસ્તતાને કારણ તેમની પાસે ન જઈ શક્તો. પછી એવું થતું કે જ્યારે મારા દિલમાં કોઈ મસ્અલો પેદા થતો તો તે અસ્ખરમાં બેઠા બેઠા જ મને જવાબ આપી દેતા અને મને સંબોધીને મારી સઘળી વિગત મને વર્ણવી આપતા. *(રિસાલા કુશૈરિયા)*

### ★ એક ફક઼ીરની કરામત ★

એક સૂફી બયાન કરે છે કે એક અંધાર્યા ઘરમાં એક ફક઼ીર મૃત્યુ





પામ્યો. જ્યારે અમે તેને ગુસલ આપવા ચાહ્યું અને અજવાળા માટે દીવો શોધવા ખૂબ જ કોશિશ કરી તો એવામાં એક રોશનદાનથી રોશની ફૂટી જેણે પૂરા ઘરને પ્રકાશિત કરી આપ્યું અને અમે તેને ગુસ્લ આપ્યું. જ્યારે આપી ચૂક્યા તો રોશની જતી રહી જાણે કે ત્યાં કદી રોશની હતી જ નહીં !

### ★ રેતી મીઠા સ્વાદિષ્ટ સત્તુ બની ગઈ ! ★

આદમ બિન અબી અયાસ રિવાયત કરે છે કે અમે અસ્ક઼લાનમાં હતા તો એક નવયુવાન અમારી પાસે આવતો અને અમારી સાથે વાતો કરતો. જ્યારે અમે ફારિગ થતા તો તે ઉઠીને નમાઝ પઢવા લાગી જતો. આદમ કહે છે કે તે એક દિવસે આવ્યો અને કહ્યું, હું ઈસ્કંદરિયા જઈ રહ્યો છું. હું તેની સાથે નીકળ્યો અને થોડાક દિરહમ તેને આપ્યા પણ તેણે લેવાથી ઈન્કાર કરી આપ્યો. મેં આગ્રહ કર્યો તો તેણે પોતાના પાત્રમાં રેતીની એક મુટ્ઠી નાખી અને સમુદ્રનું પાણી લીધું અને મને કહ્યું કે, ખાવ ! મેં જોયું તો તે સત્તુ હતા જેમાં ખૂબ ખાંડ મિક્સ હતી. પછી કહેવા લાગ્યો, જે શખ્સનો અલ્લાહની સાથે આ મામલો હોય તેને તમારા દિરહમોની શું જરૂરત હોઈ શકે છે ?!

### ★ કરામત જોઈને યહૂદી ઈમાન લાવ્યો ★

ઈબ્રાહીમ ઉજરી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે એક યહૂદીનું મારા માથે કરજ હતું અને તે પોતાના કરજની માંગણીના માટે મારી પાસે આવ્યો. એ વખતે હું મારા ભટ્ઠાની પાસે બેસીને ઈંટોની નીચે આગ સળગાવી રહ્યો હતો. યહૂદીએ મને કહ્યું, ઈબ્રાહીમ ! કોઈ કરામત દેખાડો તો હું મુસલમાન થઈ જઈશ ! મેં કહ્યું, શું તમે ખરેખર મુસલમાન થઈ જશો ? તેણે કહ્યું કે હા ! હું મુસલમાન

થઈ જઈશ. મેં કહ્યું, તમારું કપડુ ઉતારી આપો. એણે ઉતારી આપ્યું તો મેં તેને લપેટયું અને એની ઉપર મેં મારુ કપડુ લપેટી આપ્યું અને તેને આગમાં ફેંકી દીધું. ત્યારબાદ હું જાતે ભઠ્ઠામાં ઘુસી ગયો અને આગની વચમાંથી મેં એ કપડુ લીધું અને બીજા દરવાજેથી નીકળી ગયો. જોયું તો મારાં કપડાં તો તેવાંને તેવાં જ હતાં, તેને આગ સ્પર્શી પણ ન હતી. અને તેના કપડાં જે મારા કપડાંની અંદર હતાં તે બળીને રાખ થઈ ગયાં હતાં ! આ જોઈને તે યહૂદી ઈસ્લામ લઈ આવ્યો.

## ★ હબીબ અજમીની કરામત ★

કહેવાય છે કે હબીબ અજમી رضی اللہ عنہ ઝિલ હજજની આઠમી તારીખે બસરામાં જોવામાં આવતા અને નવમી તારીખે (અરફાના દિવસે) અરફાતમાં !

## ★ જુનૈદ رحمۃ اللہ علیہની કરામત ★

મેં અબ્દુલ્લાહ શીરાઝીથી સાંભળ્યું કે અબૂ મુહમ્મદ કબીરે એમને કહ્યું કે અબૂ અબ્દુલ્લાહ બિન હનીફે તેમને કહ્યું કે અબૂ ઉમર ઝજાજી ફર્માવતા હતા કે હું જુનૈદની પાસે ગયો અને મારો ઈરાદો હજ્જ માટે જવાનો હતો. આપે મને એક દિરહમ આપ્યો તેને મેં મારા તેહબંદમાં બાંધી લીધો. ત્યારબાદ હું જે મંઝિલ પર પહોંચ્યો ત્યાં મને સાથી મળી જતા અને મને એક દિરહમની પણ જરૂરત ન પડતી. જ્યારે હજ્જ કરીને બગદાદ પરત આવ્યો તો જુનૈદની ખિદમતમાં હાજર થયો તો આપે હાથ લાંબો કરીને કહ્યું, લાવો ! એના પર મેં આપને તે દિરહમ પાછો આપી દીધો. આપે પૂછયું, કેવું રહ્યું ?! મેં અર્ઝ કરી, અલ્લાહનો હુકમ થઈને રહ્યો !





## ★ વાત કરતાં જ પહાડ હાલવા લાગ્યો ! ★

કહેવામાં આવે છે કે ફુઝૈલ મિનામાં કોઈ પહાડ પર હતા. તેમણે ફર્માવ્યું કે જો કોઈ અલ્લાહનો વલી પહાડને કહે કે હાલવા માંડ ! તો એ જરૂર હાલવા માંડશે. બસ, આટલુ કહેતાં જ પહાડ હલવા લાગ્યો. આપે ફર્માવ્યું, થોભી જા ! મારો એ આશય ન હતો. એના પર પહાડ શાંત થઈ ગયો.

## ★ ચારપાઈ ઘરમાં ઘુમવા માંડી ! ★

અબૂ જઅફર અઅવર વર્ણન કરે છે કે હું ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہની પાસે બેઠો હતો એવામાં અવલિયા અલ્લાહના માટે ચીજોના આજ્ઞાપાલનની ચર્ચા છેડાઈ ગઈ. ઝુન્નૂને કહ્યું, એ પણ આજ્ઞાપાલન છે કે જો હું ચારપાઈ (ખાટલા)ને કહું કે આ રૂમના ચારેવ ખૂણાઓમાં ઘૂમે અને પછી પોતાની જગાએ પરત આવી જાય, તો એવું કરશે. અબૂ જઅફર ફર્માવે છે કે એમનું એ કહેવું જ હતું કે ચારપાઈએ ચારેવ ખૂણાઓમાં ઘૂમવાનું શરૂ કરી આપ્યું અને પછી પોતાની જગાએ પાછી આવી ગઈ. ત્યાં એક નવયુવાન હતો તેણે રડવાનું શરૂ કર્યું અને ત્યાં જ મૃત્યુ પામ્યો.

## ★ વાસિલ અહદબની કરામત ★

કહે છે કે વાસિલ અહદબ رحمۃ اللہ علیہએ આ આયત પઢી :"તમારી રોજી અને જે ચીજનો તમને વાયદો કરવામાં આવે છે આસ્માનમાં છે." તો કહેવા લાગ્યા, મારી રોજી આસ્માનમાં હોય અને હું તેને જમીન પર શોધું ? જેથી વિરાનામાં ચાલ્યા ગયા અને બે દિવસ સુધી એવી હાલતમાં રહ્યા અને કોઈ ચીજ જાહેર ન થઈ. આપના પર એ વાત ઘણી સખત ગુજરી. જ્યારે ત્રીજો દિવસ થયો તો તાજી ખજૂરોનો એક વાટકો આવી ગયો. તેમનો એક ભાઈ પણ

હતો જે એમના કરતાં પણ બેહતર નિય્યતવાળો હતો તે પણ આપની સાથે થઈ ગયો અને એકને બદલે બે વાટકા થઈ ગયા ! મૃત્યુ સુધી એ બંનેવનો એ જ હાલ રહ્યો.

### ★ ઈબ્રાહીમ બિન અહદમની કરામત ★

એક સૂફી કહે છે કે ઈબ્રાહીમ બિન અદહમ એક બાગની નિગરાની કર્યા કરતા હતા. એકવાર હું ગયો તો મેં જોયું કે તે સૂતેલા પડયા છે અને એક સાપ પોતાના મોઢામાં નરગિસનો ગુલદસ્તો લઈને તેમને પંખો હલાવી રહ્યો છે !

### ★ ઐયૂબ સખ્તયાનીની કરામત ★

કહે છે કે કેટલાક લોકો ઐયૂબ સખ્તયાની رحمۃ اللہ علیہની સાથે સફરમાં હતા. તો એમને ક્યાંય પાણી ન મળ્યું. ઐયૂબ સખ્તયાની رحمۃ اللہ علیہએ કહ્યું કે શું તમે લોકો મારા જીવતા સુધી છૂપુ રાખશો ? તેમણે કહ્યું, હા ! ત્યારબાદ તેમણે જમીન પર એક વર્તુળ દોર્યું તો પાણી ફૂટી નીકળ્યું અને અમે પીધું. રાવી કહે છે, જ્યારે તે બસરા પહોંચ્યા તો હમ્માદ બિન ઝયદે એનું વર્ણન કર્યું તો અબ્દુલ વાહિદ બિન ઝયદે કહ્યું કે, હું પણ એ દિવસે ત્યાં હાજર હતો.

### ★ બાવળોના ઝાડેથી ખજૂરો પડી ! ★

બક્ર બિન અબ્દુર્રહમાન કહે છે, અમે જંગલમાં હઝરત ઝુન્નૂન رحمۃ اللہ علیہની સાથે હતા તો અમે બાવળના ઝાડ નીચે ઉતર્યા. અમે કહ્યું, કેટલી સારી જગા છે, જો અહીં તાજી ખજૂરો હોત ! આ સાંભળીને હઝરત ઝુન્નૂન મુસ્કુરાયા અને ફર્માવ્યું, શું તાજી ખજૂરો ખાવી છે ?! આપે ઝાડને હલાવીને કહ્યું, તને ક઼સમ છે એ ખુદાની જેણે તને ઝાડ બનાવ્યું કે તું અમારા પર ખજૂરો વિખેરી દે ! ત્યારબાદ આપે ઝાડને હલાવ્યું તો તાજી ખજૂરો પડી. અમે ખૂબ





પેટ ભરીને ખાધી. પછી જ્યારે ઉઠયા અને અમે ઝાડ હલાવ્યું તો કાંટા પડયા !

### ★ એક નવયુવાનની કરામત ★

અબુલ ક઼ાસિમ બિન મરવાન નેહાવંદી વર્ણવે છે કે હું તથા અબૂબક્ર વરાક઼ અબૂ સઈદ ખઝારની સાથે સમુદ્ર કિનારે શિકારના સ્થળ તરફ જઈ રહ્યા હતા. અબૂ સઈદે દૂરથી એક શખ્સને જોયો અને ફર્માવ્યું, બેસી જાવ ! હોય ન હોય આ શખ્સ અવલિયા અલ્લાહમાંથી છે.

થોડીવાર પછી એક ખૂબસૂરત નવયુવાન આવ્યો જેના હાથમાં નાની મશક તથા ખડીયો હતાં અને ગોદડી પહેરેલી હતી. અબૂ સઈદે આશ્ચર્યમય રીતે એના તરફ જોયું, કેમ કે તેણે મશકની સાથે એક ખડીયો ઉઠાવી રાખ્યો હતો. અબૂ સઈદે પૂછયું, હે નવયુવાન ! અલ્લાહની તરફ જવાનો શો તરીક઼ો છે ? તેણે જવાબ આપ્યો, હે અબૂ સઈદ ! મને અલ્લાહની તરફ જવાના બે માર્ગો માલૂમ છે, એક ખાસ તરીક઼ો અને બીજો આમ તરીક઼ો. આમ તરીક઼ો તો એ છે જેના પર તમે ચાલી રહ્યા છો, અને જો ખાસ તરીક઼ો જાણવા ચાહતા હોઉ તો આ જોઈ લો ! આમ કહીને તે પાણી પર ચાલવા લાગ્યો, ત્યાં સુધી કે અમારી આંખોથી અદશ્ય થઈ ગયો. અબૂ સઈદ આ પ્રસંગ જોઈને આશ્ચર્યમાં ડૂબી ગયા.

### ★ એક ફ઼કીરની કરામત ★

જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હું શોનિઝિયાની મસ્જિદમાં ગયો અને ત્યાં ફ઼કીરોની જમાઅતને જોઈ જે કરામત પર બહષ કરી રહ્યા હતા. તેમનામાંથી એક ફ઼કીરે કહ્યું કે, હું એક એવી વ્યક્તિને જાણુ છું તે જો આ થાંભલાને કહે કે અડધો ચાંદી અડધો સોનાનો થઈ જા ! તો તે થઈ જાય. જુનેદ رحمۃ اللہ علیہ કહે છે કે મેં

જોયું તો તે થાંભલો અડધો ચાંદી અડધો સોનાનો થઈ ચૂક્યો છે !

## ★ સિંહ પૂછડી પટપટાવવા લાગ્યો ! ★

કહે છે કે સુફયાન ષૌરી رحمۃ اللہ علیہ અને શયબાન રાઈ رحمۃ اللہ علیہ બંનેવ હજ્જના માટે રવાના થયા. એક સિંહે એમનો માર્ગ રોકી લીધો. સુફયાને કહ્યું, સિંહને જોઈ રહ્યા છો ?! શયબાને કહ્યું, ડરો નહીં ! પછી શયબાને સિંહનો કાન પકડીને આમળ્યો તો સિંહ પૂછડી પટપટાવવા લાગ્યો. આ જોઈને સુફયાને કહ્યું, આ શું દેખાડો કરો છો ?! (ખ્યાતિ પામવા માટે) તો શયબાને કહ્યું, જો પ્રખ્યાત થવાનો ડર ન હોત તો હું એની પીઠ પર સફરનો સામાન રાખીને મક્કા સુધી લઈ જાત.

## ★ હઝરત મઅરૂફ કર્ખીની કરામત ★

અમને મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીએ કહ્યું. અલી બિન હારૂને તેમને કહ્યું. તેમણે કહ્યું કે અલી બિન અહમદે તેમને બયાન કર્યું કે જઅફર બિન કાસિમ ખવાસે કહ્યું કે મુહમ્મદ બિન મન્સૂર તૂસી ફર્માવતા હતા કે હું અબૂ મેહફૂઝ મઅરૂફ કર્ખી رحمۃ اللہ علیہની પાસે હતો તો તેમણે મારા હક્કમાં દુઆ કરી. અને પછી જ્યારે બીજા દિવસે તેમની પાસે આવ્યો તો તેમના ચહેરા પર નિશાન હતું. એક જણે પૂછયું કે હે અબૂ મહફૂઝ ! અમે કાલે આપની પાસે હતા ત્યારે તો આ નિશાન આપના ચહેરા પર ન હતું ?! એનું શું કારણ છે ? તેમણે ફર્માવ્યું, તમારા મતલબની વાત કરો. (એટલે કે એ સવાલને છોડી આપો.) તે શખ્સે કહ્યું, તમને તમારા મઅબૂદની કસમ ! જરૂરથી જણાવો ! એના પર તેમણે કહ્યું કે મેં અહીં નમાઝ પઢી અને મને ઈચ્છા થઈ કે ખાનએ કા'બાનો તવાફ કરું, જેથી મક્કા ચાલ્યો ગયો અને ત્યાં કાબાનો તવાફ કર્યો. પછી હું ઝમઝમના તરફ ગયો કે એનું પાણી પીઉં તો દરવાજા પર પગ





સરકી ગયો અને ચહેરા પર ઝખ્મ આવી ગયો. *(રિસાલા કુશૈરિયા)*

## ★ અબૂ અલી રાઝીની કરામત ★

અબૂ અલી રાઝીથી રિવાયત છે કે તે ફર્માવે છે કે એક દિવસ હું ફુરાત નદી પાસે થઈને પસાર થયો અને મારા દિલમાં તાજી માછલી ખાવાની ઈચ્છા થઈ તો તુરત જ પાણીએ એક માછલી મારા તરફ ફેંકી આપી. પછી એક શખ્સ દોડતો દોડતો આવ્યો અને કહેવા લાગ્યો કે હું શેકી દઉં છું ! મેં કહ્યું, સારું ! તેણે શેકી અને મેં બેસીને તેને ખાધી.

## ★ ઈબ્રાહીમ બિન અહદમની કરામત ★

કહે છે કે ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہ પોતાના સાથીઓની સાથે જઈ રહ્યા હતા એવામાં તેમને સિંહ મળ્યો. સાથીઓએ કહ્યું કે હે અબૂ ઈસ્હાક ! આ સિંહે અમારો માર્ગ રોકી લીધો છે ! ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہએ આવીને તેને કહ્યું, હે સિંહ ! જો તને અમારા વિશે કોઈ હુકમ આપવામાં આવ્યો છે તો તે પ્રમાણે કર, નહીં પાછો ચાલ્યો જા ! આ સાંભળીને સિંહ પાછો જતો રહ્યો અને તે લોકો પણ આગળ ચાલી નીકળ્યા.

## ★ ઈબ્રાહીમ ખવાસ અને સિંહ ★

હામિદ અસ્વદ કહે છે કે જંગલમાં ઈબ્રાહીમ ખવાસ رحمۃ اللہ علیہની સાથે હતો. અમે રાત એક મિત્રને ત્યાં પસાર કરી. અચાનક એક સિંહ આવી ગયો જેથી હું ઝાડ પર ચઢી ગયો અને સવાર સુધી ત્યાં રહ્યો. પૂરી રાત મને ઊંઘ ન આવી. પણ ઈબ્રાહીમ ખવાસ ઊંઘી ગયા અને સિંહ પગથી લઈને માથા સુધી તેમને સુંઘતો રહ્યો અને પછી ચાલ્યો ગયો. બીજી રાત્રી અમે વસ્તીમાં જઈને એક મસ્જિદમાં પસાર કરી. ત્યાં એક મચ્છર એમના ચહેરા પર બેઠો અને તેણે

કરડી ખાધુ તો આપે રડવાનુ શરૂ કર્યું. મેં કહ્યું, વિચિત્ર વાત છે કે કાલે તો સિંહથી પણ ગભરાતા ન હતા અને આજે તમે એક મચ્છરથી રડવાનુ શરૂ કરી આપ્યું ! ફર્માવ્યું, કાલે એવી હાલતમાં હતો જેમાં અલ્લાહની સાથે હોઉં છું, પણ અત્યારે જે હાલત હતી એમાં હું મારા નફ્સની સાથે હતો.

## ★ અતા અરઝક્ની કરામત ★

અતા અરઝક્ رحمۃ اللہ علیہ વર્ણવે છે કે તેમનાં પત્નીએ તેમને બે દિરહમ આપ્યા જે એમણે સૂતર વેચીને હાંસલ કર્યા હતા અને અતાને કહ્યું કે એનાથી લોટ ખરીદી લાવો. જ્યારે ઘરેથી નીકળ્યા તો એક છોકરીને રડતી જોયી. તેમણે એને રડવાનુ કારણ પૂછયું તો તેણીએ જણાવ્યું કે મારા માલિકે મને બે દિરહમ કાંઈક ખરીદવા માટે આપ્યા હતા અને મારાથી તે પડી ગયા. હવે હું ડરું છું કે મને મારશે. અતાએ બે દિરહમ તેણીને આપી દીધા અને ચાલ્યા ગયા. અને પોતાના દોસ્તની દુકાને બેસી રહ્યા. જે સાગવાનનાં લાકડાં ચીરી રહ્યો હતો. તેમણે તેને સર્વ હાલત કહી સંભળાવી અને એવું પણ બતાવ્યું કે તેમને પોતાની પત્નીના વઢવાની બીક છે ! દોસ્તે કહ્યું, આ થેલીમાં લાકડાનું વેરણ ભરી લો કે કદાચ તમને ભઠ્ઠી ગરમ કરવામાં એનાથી ફાયદો થાય, કેમ કે અત્યારે હું અન્ય કાંઈ મદદ નથી કરી શક્તો. એ લાકડાનું વેરણ ઉઠાવી લાવ્યા અને ઘરનો દરવાજો ખોલીને થેલો ઘરમાં ફેંકી આપ્યો અને પોતે દરવાજો બંધ કરીને મસ્જિદમાં ચાલ્યા ગયા અને ત્યાં ઈશાના બાદ સુધી રોકાઈ રહ્યા જેથી સૌ ઘરવાળાં સૂઈ જાય અને તેમની પત્ની તેમની સાથે બોલાચાલી ન કરે. તેમણે જ્યારે દરવાજો ખોલ્યો તો જોયું કે તેણી રોટીઓ પકાવી રહી છે. તેમણે પૂછયું કે આ રોટી ક્યાંથી આવી છે ? તેણીએ જવાબ આપ્યો કે થેલીવાળા આટામાંથી !





કોઈ બીજો આટો ન ખરીદશો ! (એટલે કે આ આટો ખૂબ જ ઉમદા છે, આવો જ આટો લાવ્યા કરો !) તેમણે કહ્યું, ઈન્શાઅલ્લાહુ તઆલા ! આવું જ કરીશ.

## ★ ફક઼ીરોની કરામત ★

મેં શયખ અબૂ અબ્દુર્રહ્માન સલ્લમીથી પૂછયું કે મન્સૂર બિન અબ્દુલ્લાહે કહ્યું, અબૂ જઅફર બિન બરકાત ફર્માવે છે કે હું ફક઼ીરોની મજલિસમાં બેસ્યા કરતો હતો. મને એક દિરહમ મળ્યો અને વિચાર્યું કે આ દિરહમ તે ફક઼ીરોને આપી દઉં. પછી દિલમાં કહ્યું કે કદાચ મને એની જરૂરત પડી જાય ! એટલે ફક઼ીરોને ન આપ્યો. પછી મારી દાઢમાં દર્દ શરૂ થયું તો મેં તેને કઢાવી નાખી. બીજીમાં દર્દ થયું તો તેને પણ કઢાવી નાખી. ત્યારબાદ ગયબથી અવાજ આવ્યો કે જો તું આ દીનાર એમને આપીશ નહીં તો તારા મોઢામાં એક પણ દાંત બાકી રહેશે નહીં !

ઉસ્તાદ ફર્માવે છે કે આ એક મહાન કરામત છે એના કરતાં કે અલ્લાહ તઆલા ખિર્કે આદતના તૌર પર ઘણા બધા દિરહમ આપી દેતો.

## ★ આમિર બિન અબ્દે કૈસની કરામત ★

અબૂ સુલૈમાન દારાની رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આમિર બિન અબ્દે કૈસ શામની સફરે નીકળ્યા. તેમની પાસે એક મશક હતું. જ્યારે ચાહતા એમાંથી વુઝૂના માટે પાણી કાઢી લેતા.

## ★ એક અધિક કરામત ★

ઉષ્માન બિન અબી આતિકા રિવાયત કરે છે કે અમે એક જંગમાં રોમીઓના ઈલાકામાં હતા. સરદારે ફોજનો એક દસ્તો (લશ્કરનું એક દળ) કોઈ ઈલાકાની તરફ રવાના કર્યો, અને એક

નિશ્ચિત દિવસ સુધી તેમને સમય આપ્યો. તે કહે છે કે નિશ્ચિત દિવસ આવી ગયો પણ ફોજી દસ્તો આવ્યો નહીં. જ્યારે કે અબૂ મુસ્લિમ ભાલો જમીનમાં ખોસીને નમાઝ પઢી રહ્યા હતા તો એવામાં એકાએક એક પક્ષી ભાલાની ટોચ પર આવી ગયું અને કહેવા લાગ્યું ફોજનો દસ્તો સહી સલામત છે અને માલે ગનીમત હાંસલ કરી ચૂકેલ છે અને ફલાણા દિવસે ફલાણા સમયે તમારી પાસે પહોંચી જશે. અબૂ મુસ્લિમે પક્ષીને પૂછયું કે તું કોણ છે ? ખુદા તારા પર રહમ કરે ! એણે જવાબ આપ્યો કે હું મો'મિનોના દિલોએથી ગમ દૂર કરનાર છું. અબૂ મુસ્લિમે જઈને સરદારને ખબર આપી. જ્યારે તેનો બતાવેલો સમય આવી ગયો તો ફોજ એ જ પ્રમાણે આવી પહોંચી જેવું કે તે પક્ષીને બતાવ્યું હતું.

## ★ એક આદમીની કરામત ★

એક સૂફીથી રિવાયત છે કે અમે કશ્તીમાં હતા. એક શખ્સ જે અમારી સાથે હતો અને બીમાર હતો તે મૃત્યુ પામ્યો. અમે તેને ગુસ્લ કફન આપ્યું અને હવે તેને સમુદ્રના હવાલે કરવાનો ઈરાદો જ કર્યો હતો એવામાં સમુદ્ર સુકાઈ ગયો અને નાવડી નીચે આવી ગઈ. અમે નાવડીથી નીકળીને તેના માટે કબ્ર ખોદી અને તેને દફન કરી આપ્યો. જ્યારે દફન ક્રિયાથી પરવાર્યા તો પાણી સરખુ થઈ ગયું અને કશ્તી ઉઠી અને અમે રવાના થઈ ગયા.

## ★ હબીબ અજમીની કરામત ★

કહેવામાં આવે છે કે બસરામાં લોકોને ભૂખમરાની નોબત આવી ગઈ તો હબીબ અજમી رحمۃ اللہ علیہએ કેટલુક ખાવા ઉધાર ખરીદયું અને મિસ્કીનોમાં વહેંચી આપ્યું પછી પોતાની થેલી પોતાના માથા નીચે રાખી લીધી. જ્યારે લોકો ઉઘરાણી માટે આવ્યા તો તેમણે





થેલીને ખોલી તો તે દિરહમોથી ભરેલી હતી, એના વડે એમણે લોકોનું કરજ અદા કરી આપ્યું.

## ★ ઈબ્રાહીમ બિન અહદમની કરામત ★

કહે છે કે ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہએ નાવડી પર સવાર થવા ચાહ્યું તો નાવડીવાળાઓએ કહ્યું કે, અમે એક દીનાર લીધા વિના તમને સવાર કરીશુ નહીં ! એના પર તેમણે કિનારા પર બે રકાત નમાઝ પઢી અને ખુદાથી અર્ઝ કરી, હે ખુદા ! આ લોકો મારી પાસે એક દીનાર માગે છે અને મારી પાસે કાંઈ જ નથી ! પછી જોયું તો રેતી દીનાર જ દીનાર બની ગઈ.

## ★ કુર્આન ખોલતા તો બીનાઈ આવી જતી ! ★

અમને મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીએ કહ્યું કે અબ્દુલઅઝીઝ બિન ફઝ્લએ તેમને કહ્યું કે મુહમ્મદ બિન અહમદ મરૂઝીએ તેમને વર્ણવ્યું કે અબ્દુલ્લાહ ઈબ્ને સુલૈમાન ફર્માવતા હતા કે અબૂ મુઆવિયહ બિન અસ્વદના ખાદિમ અબૂ હમ્ઝા નસર બિન ફરજ જણાવે છે કે અબૂ મુઆવિયહ رحمۃ اللہ علیہની બીનાઈ (આંખોની રોશની) જતી રહી હતી. પણ જ્યારે પઢવા ઈચ્છતા અને કુર્આન મજીદને ખોલતા તો અલ્લાહ તઆલા તેમને બીનાઈ આપી દેતો હતો અને જ્યારે કુર્આન મજીદને બંધ કરી આપતા તો બીનાઈ જતી રહેતી.

## ★ બિશ્ર હાફીની કરામત ★

અહમદ બિન હૈષમ મુત્તબબ ફર્માવતા હતા કે મને બિશ્ર હાફીએ કહ્યું કે મઅરૂફ કર્ખીને કહી દેજો કે હું નમાઝ પઢયા બાદ આવીશ. અહમદ કહે છે કે મેં પયગામ પહોંચાડી આપ્યો અને તેમની રાહ

જોવા લાગ્યો. અમે ઝોહર પઢી પછી અસર , પછી મગરિબ પછી ઈશા. હું દિલમાં વિચારવા લાગ્યો કે સુબ્હાનલ્લાહ ! બિશ્ર હાફી જેવો માણસ એક વાત કહે અને પછી તેને પૂરી ન કરે ?! એ નથી થઈ શક્તું ! મેં તેમની રાહ જોઈ. હું તે વખતે મસ્જિદના ઘાટ પર હતો. થોડીક રાત વહી ગયા પછી બિશ્ર આવ્યા, એમના માથા પર મુસલ્લો હતો અને તે દજલા નદી તરફ વધ્યા અને પાણી પર ચાલવા લાગ્યા. મેં મારી જગાએથી છલાંગ મારી અને તેમના હાથ તથા પગો ચૂમવા લાગ્યો અને તેમને દુઆની દરખાસ્ત કરી. આપે મારા હક્કમાં દુઆ કરી અને ફર્માવ્યું, જે કાંઈ તમે જોયું એને છુપાવી રાખશો. અહમદ કહે છે કે મેં આ વાતનો ઉલ્લેખ તેમના વિસાલ પછી જ કર્યો.

## ★ એક મુજાહિદની કરામત ★

અમને અબૂ અબ્દુલ્લાહ શીરાઝીએ કહ્યું કે અબૂ ફરજ અલ્વર ષાનીએ તેમને કહ્યું કે અલી બિન યાકૂબે દમિશ્કમાં કહ્યું કે મેં અબૂબક્ર મુહમ્મદ બિન અહમદથી સાંભળ્યું કે ક઼ાસિમ જરઈ ફર્માવતા હતા કે મેં એક શખ્સને તવાફમાં જોયો કે તે કેવળ આ શબ્દો કહી રહ્યો હતો : "હે ખુદા ! તેં સૌની હાજતો પૂરી કરી આપી પણ મારી હાજત પૂરી ન કરી !" મેં તેને કહ્યું કે શું વાત છે કે તું એના સિવાય કોઈ દુઆ જ નથી માગતો ?! તેણે કહ્યું, હું તને જણાવું છું. અમે વિવિધ શહેરોના સાત માણસો હતા અને અમે જેહાદના માટે નીકળ્યા. રોમીઓએ અમને કેદ કરી લીધા અને અમને ક઼ત્લ કરવા માટે લઈ ગયા. મેં જોયું કે આસ્માનમાં સાત દરવાજા ખુલી ગયા અને દરેક દરવાજા પર એક હૂર ઉભેલી છે. અમારામાંથી એકને લઈ જઈને તેની ગરદન ઉડાડી દેવામાં આવી, તો મેં જોયું કે એક હૂર ઉતરી અને એના હાથમાં રૂમાલ હતો અને





તેણે તે શખ્સની રૂહ લઈ લીધી. આમ એક એક કરીને છ જણાની ગરદનો ઉડાડી દેવામાં આવી. પણ રોમીઓમાંથી એક શખ્સે તેમની પાસેથી મને માગી લીધો અને હું ક઼ત્લથી બચી ગયો. તો તે હૂરે કહ્યું, હે બદ્‌કિ઼સ્મત ! કઈ ચીજ તારાથી છૂટી ગઈ ?! અને આસ્માનના દરવાજા બંધ થઈ ગયા. ભાઈ ! જે શહાદતનો રુત્બો મારાથી જતો રહ્યો એના પર અફસોસ કરી રહ્યો છું.

ક઼ાસિમ જરઈ ફર્માવે છે કે મારા ખયાલમાં આ શખ્સ તે સૌમાં અફઝલ હતો, કેમ કે તેણે તે કાંઈ જોયું જે તેઓ ન જોઈ શક્યા. અને તેણે તેઓના મૃત્યુ બાદ એ જ શોખમાં આ અમલ કર્યો.

## ★ ગયબથી અવાજ આવ્યો ! ★

અને મેં તેમનાથી જ સાંભળ્યું કે અબુલ નજમ અહમદ બિન હુસૈને તેમને ખુરસ્તાનમાં કહ્યું કે મેં અબૂબક્ર કત્તાનીને ફર્માવતાં સાંભળ્યા, હું મક્કાની તરફ જઈ રહ્યો હતો અને દુકાળનો જમાનો હતો. જોયું કે દીનારોથી ભરેલી એક થેલી ચમકી રહી છે. મેં ચાહ્યું કે એને ઉઠાવી લઉં જેથી મક્કા જઈને ફક઼ીરો પર વહેંચી દઉં. એના પર ગયબથી અવાજ આવ્યો, જો એને લીધી તો તમારી ફક઼ીરી છીનવી લેવામાં આવશે !

## ★ જમીન પર પગ મારતાં ઝરણુ વહેવા લાગ્યું ! ★

અમને મુહમ્મદ બિન મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીએ કહ્યું કે તેમનાથી અહમદ બિન યૂસુફ ખય્યાતે કહ્યું કે અબૂ અલી રૂદબારીએ તેમને વર્ણવ્યું કે અબુલ અબ્બાસ ફર્માવતા હતા કે અમે અબૂ તુરાબ નખ્શબીની સાથે જઈ રહ્યા હતા એવામાં આપ રસ્તાથી હટીને એક બાજુ થઈ ગયા. તેમના એક મુરીદે કહ્યું કે મને તરસ લાગી છે ! આપે આપનો પગ જમીન પર માર્યો તો

સાફ પાણીનું એક ઝરણુ ફૂટી નીકળ્યું. તે શખ્સે કહ્યું, હું ચાહું છું કે પ્યાલામાં ભરીને પીઉં. તો ફરી પોતાનો હાથ જમીન પર માર્યો અને તેને સફેદ કાચનો પ્યાલો પકડાવી આપ્યો. એ પ્યાલો ખૂબ જ ખૂબસૂરત હતો. એણે પાણી પીધું અને અમને પણ પીવડાવ્યું અને પ્યાલો મક્કા સુધી રહ્યો.

### ★ મારવા ઉગામેલો હાથ હાલી ન શક્યો ! ★

મને મુહમ્મદ બિન અબ્લા સૂફીએ કહ્યું કે અબુલ ફરજ વર્ષાનીએ કહ્યું કે મુહમ્મદ બિન હુસૈન ખલ્દી તરતૂસીએ કહ્યું કે અબ્દુલ્લાહ બિન જલાઅ્ ફર્માવતા હતા કે અમે બગદાદમાં સર્રી સક્તીના ઉપરના માળે હતા. જયારે કેટલીક રાત પસાર થઈ ગઈ તો તેમણે સાફ સ્વચ્છ કમીસ, શલ્વાર, ચાદર તથા જોડા પહેર્યા અને ઉઠીને બહાર જવા લાગ્યા. મેં પૂછયું, અત્યારે ક્યાં જઈ રહ્યા છો ? જવાબ આપ્યો, ફતહ મૂસલીની ખબર પૂછવા જઈ રહ્યો છું. જયારે બગદાદની સડકો પર ચાલી રહ્યા હતા તો પહરેદારોએ તેમને પકડી લીધા અને કૈદ કરી લીધા. જયારે સવાર થઈ તો અન્ય કેદીઓની સાથે તેમને પણ મારવાનો હુકમ આપ્યો. જયારે જલ્લાદે મારવા માટે હાથ ઉઠાવ્યો તો તેનો હાથ અટકી ગયો અને તે હાથ હલાવી ન શક્યો. જલ્લાદને મારવા માટે કહેવામાં આવ્યું તો કહેવા લાગ્યો, મારી સામે એક વૃધ્ધ માણસ ઉભો રહીને મને કહી રહ્યો છે કે, એને મારતો નહીં ! જેથી મારો હાથ રોકાય જાય છે અને હાલી નથી શક્તો. લોકોએ જયારે વિચાર્યું કે કોણ શખ્સ છે ? તો જોયું કે તે ફતહ મૂસલી હતા ! જેથી તેમણે તેમને ન માર્યા.

### ★ દિરહમ તથા દીનાર વરસ્યા ! ★

અમને શયખ અબ્દુર્રહમાન સલ્લમીએ કહ્યું કે હારિષ ખત્તાબીએ





એમને કહ્યું કે મુહમ્મદ બિન ફઝ્લએ તેમને વર્ણન કર્યું કે અલી બિન મુસ્લિમે કહ્યું કે સઈદ બિન યહ્યા બસરી ફર્માવતા હતા કે કૂબીલા કુરૈશમાંથી અમુક લોકો અબ્દુલવાહિદ બિન ઝયદની પાસે જઈને બેસ્યા કરતા હતા. એક દિવસ તેમણે આવીને કહ્યું કે અમને આર્થિક તંગી તથા મોહતાજીનો ડર લાગે છે. તેમણે આસ્માન તરફ માથુ ઉઠાવ્યું અને આ દુઆ પઢી :–

اَللّٰهُمَّ اِنِّىٓ اَسْئَلُكَ بَاِسْمِكَ الْمُرْتَفِعِ الَّذِىْ تُكْرِمُ بِهٖ
مَـنْ شِئْتَ مِنْ اَوْلِيَائِكَ وَتُلْهِمُهُ الصَّفِىَ مِنْ اَحْبَابِكَ
اَنْ تَأْتِيَنَا بِرِزْقٍ مِّنْ لَّدُنْكَ تَقْطَعُ بِهٖ عَلَائِقَ الشَّيْطَانِ
مِنْ قُلُوْبِنَا وَقُلُوْبِ اَصْحَابِنَا هٰؤُلَاءِ فَاَنْتَ الْحَنَّانُ
الْمَنَّانُ قَدِيْمُ الْاِحْسَانِ۔ اَللّٰهُمَّ اَلسَّاعَةَ السَّاعَةَ۔

**અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુક બિઈસ્મિકલ્ મુર્તફિઈલ્લઝી તુક્રિમુ બિહી મન્અવ્લિયાઈક વ તુલ્હિમુહુસ્સફિય મિન્અહ્બાબિક અન્તઅ્તિયના બિ રિઝ્કિમ્ મિલ્લદુન્ક તક્તઉબિહી અ્લાઈકશ્શય્તાનિ મિન્કુલૂબિના વકુલૂબિ અસ્હાબિના હાઉલાઈ ફઅન્તલ્હન્નાનુલ્મન્નાનુ કદીમુલ્ઈસાન. અલ્લાહુમ્મસ્સાઅતસ્સાઅત.**

(અર્થ) : ''યા અલ્લાહ ! હું તને એ બુલંદ નામના વસીલાથી દરખાસ્ત કરું છું જેની સાથે તું તારા જે વલીને ચાહે છે ઈજ્જત બખ્શે છે અને જેને તું પોતાના ચહીતા દોસ્તોના દિલોમાં નાખી દે છે કે તું તારા તરફથી અમને રિઝક્ મોકલ જેના કારણે અમારાં દિલો અને અમારા સાથીઓનાં દિલોએથી શૈતાની સંબંધ ખત્મ થઈ જાય. તું જ રહમ કરનાર, એહસાન કરનાર છે જેનું એહસાન હમેશાંથી ચાલ્યું આવી રહ્યું છે. યા અલ્લાહ ! અત્યારે જ થાય !

અત્યારે થાય !"

તે કહે છે કે છત પર ખખડાટ સાંભળ્યો. ત્યારબાદ દિરહમ તથા દીનાર વરસવા લાગ્યા. પછી અબ્દુલવાહિદ બિન ઝયદે કહ્યું, અન્યોને છોડીને ખુદાથી માલદારી ચાહ્યા કરો. જેથી તેમણે એ દિરહમ તથા દીનાર લઈ લીધા અને અબ્દુલવાહિદે કાંઈ ન લીધું.

## ★ એક બાળકની કરામત ! ★

મેં અબૂ અબ્દુલ્લાહ શીરાઝી رحمة الله عليهથી સાંભળ્યું કે અબ્દુલવાહિદ બિન બકર અલ્વર ષાનીએ તેમને કહ્યું કે મુહમ્મદ બિન અલી હુસૈન મુકર્રી તરસૂસીએ તેમને કહ્યું કે અબૂ અબ્દુલ્લાહ બિન જલાઅ્ ફર્માવતા હતા કે એક દિવસે મારાં વાલિદા (માતા)એ મારા વાલિદ (પિતા)થી માછલીની ઈચ્છા દર્શાવી. મારા વાલિદ બજાર ગયા. હું એમની સાથે હતો. તેમણે માછલી ખરીદી અને રોકાઈ ગયા કે કોઈ ઉઠાવનાર મળી જાય. આપે પોતાની સમક્ષ એક બાળકને એક અન્ય બાળકની સાથે ઉભો કરી આપ્યો. તે બાળકે કહ્યું, કાકા ! આપ કોઈ વજન ઉઠાવનારની રાહ જોઈ રહ્યા છો ? મારા વાલિદે કહ્યું, હા ! બાળકે માછલી ઉઠાવી અને અમારી સાથે ચાલવા લાગ્યો. રસ્તામાં અમે અઝાનનો અવાજ સાંભળ્યો. બાળકે કહ્યું કે મોઅઝ્ઝિને અઝાન આપી દીધી છે તો હું વુઝૂ કરીને નમાઝ પઢવા ચાહું છું, જો તમે રાજી હોઉ તો બેહતર છે, નહીં તો આ માછલી લઈ લો. બાળક માછલી રાખીને ચાલ્યો ગયો. મારા વાલિદે કહ્યું, આપણા પર અધિક હક્ક બને છે કે આપણે માછલીના બારામાં અલ્લાહ પર ભરોસો કરીએ. અમે મસ્જિદમાં જઈને નમાઝ પઢી અને બાળકે પણ આવીને નમાઝ પઢી. જ્યારે બહાર આવ્યા તો જોયું કે માછલી ત્યાંની ત્યાં જ પડી છે. બાળકે ફરી તેને ઉઠાવી લીધી અને અમારા ઘરની તરફ ચાલી નીકળ્યો. મારા





વાલિદે એનો ઉલ્લેખ મારાં વાલિદાને કર્યો. વાલિદાએ કહ્યું, એને કહો કે અહીં રોકાય અને અમારી સાથે ખાવા ખાય. જ્યારે અમે તેને કહ્યું તો કહેવા લાગ્યો, મારે તો રોઝો છે ! અમે કહ્યું, તો પછી સાંજના આવી જજે. તેણે કહ્યું, એક બોજ ઉઠાવ્યા બાદ બીજીવાર બોજ નથી ઉઠાવ્યા કરતો, પરંતુ હું મસ્જિદમાં જઈશ અને હું સાંજ સુધી ત્યાં જ રહીશ, ત્યારબાદ આપની પાસે આવીશ. આમ કહીને તે ચાલ્યો ગયો. જ્યારે રાત પડી તો બાળક આવ્યો અને અમે ખાવા ખાધુ. જ્યારે પરવાર્યા તો અમે તેને કઝાએ હાજત (જાજરૂ પેશાબ)ની જગા બતાવી આપી. પછી અમે જોયું કે તે એકાંત ચાહે છે જેથી અમે તેને એક ઓરડો રહેવા આપ્યો. જ્યારે અમુક રાત પસાર થઈ ગઈ તો અમારા એક સંબંધની છોકરી જાતે ચાલીને આવી, જ્યારે કે તે ચાલવા ફરવાથી લાચાર હતી. અમે તેને એના સંબંધે પૂછયું તો બોલી, મેં અલ્લાહથી દુઆ કરી હતી કે ઈલાહી ! આ મહેમાનના સદકા (વસીલા)માં મને સાજી કરી આપ ! જેથી ઉભી થઈ ગઈ. મારાં વાલિદા કહે છે, અમે બાળકને જોવા ગયાં પણ તે ક્યાંય ન હતો અને દરવાજો યથાવત બંધ હતો ! આ હાલ જોઈને મારા વાલિદે કહ્યું, અમુક નાનાં બાળકો હોય છે અને અમુક મોટાં !

## ★ કાંકરીઓ સોનુ બની ગઈ ! ★

મેં મુહમ્મદ બિન હુસૈન رحمة الله عليهથી સાંભળ્યું કે અબૂ હારિષ ખિતાબીએ એમને વર્ણવ્યું કે મુહમ્મદ બિન ફઝ્લે તેમને કહ્યું. અલી બિન મુસ્લિમે કહ્યું કે સઈદ બિન યહયા ફર્માવતા હતા કે હું અબ્દુલવાહિદ બિન ઝયદ رحمة الله عليهની પાસે આવ્યો તો તે છાંયડામાં બેઠા હતા. મેં કહ્યું, જો તમે અલ્લાહથી દરખાસ્ત કરો કે તે આપને રિઝ્ક આપે, તો મને ઉમ્મીદ છે કે તે જરૂર એવું કરશે.

અબ્દુલવાહિદે કહ્યું, મારો રબ પોતાના બંદાઓની મસ્લેહતોને ખૂબ સારી રીતે જાણે છે. ત્યારબાદ તેમણે જમીનથી કાંકરીઓ ઉઠાવી અને કહ્યું, ''હે ખુદા ! જો તું આને સોનુ બનાવવા ચાહે તો બનાવી શકે છે.'' ખુદાની કસમ ! તે કાંકરીઓ તેમના હાથમાં સોનુ બની ગઈ ! તેને તેમણે મારી તરફ ફેંકી આપી અને ફર્માવ્યું, તું એને ખર્ચ કર ! દુનિયામાં કોઈ ભલાઈ નથી, સિવાય એ નેકીઓના જે આખેરતના માટે છે.

**★ મુરીદની કરામત ★**

મેં મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફી رحمۃ اللہ علیہથી સાંભળ્યું કે હુસૈન બિન અહમદ ફારસીએ તેમને વર્ણવ્યું કે યુવતીએ એમને કહ્યું કે અહમદ બિન મન્સૂર ફર્માવતા હતા, મારા ઉસ્તાદ અબૂ યાકૂબ સૂસી رحمۃ اللہ علیہએ મને જણાવ્યું કે મેં એક મુરીદને (મૃત્યુ બાદ) ગુસ્લ આપ્યું તો તેણે મારો અંગૂઠો પકડી લીધો જ્યારે કે એ તખ્તા પર (મરેલો) પડયો હતો. મેં કહ્યું, બેટા ! મારો હાથ છોડી આપ, હું જાણુ છું કે તું મુર્દા નથી ! આ (મૃત્યુ) તો એક ઘરથી બીજા ઘરે બદલી થવાનું નામ છે, તો એણે મારો હાથ છોડી આપ્યો.

**★ અન્ય એક મુરીદની કરામત ★**

અને મેં એમનાથી સાંભળ્યું કે અબૂબક્ર અહમદ બિન મુહમ્મદ તરસૂસી رحمۃ اللہ علیہ ફર્માવતા હતા કે મેં ઈબ્રાહીમ બિન શયબાન رحمۃ اللہ علیہને ફર્માવતાં સાંભળ્યા કે એક મુરીદ મારી સોહબતમાં રહ્યો તો મૃત્યુ પામ્યો. મને એનો ખૂબ જ ગમ થયો. હું જાતે તેને ગુસ્લ આપવા લાગ્યો, પણ જ્યારે એના હાથ ધોવા લાગ્યો તો ગભરાટને કારણે તેના જમણા હાથથી શરૂ કરવાને બદલે ડાબા હાથથી શરૂ





કર્યું, પણ તેણે ડાબો હાથ છોડાવીને જમણો હાથ પકડાવી આપ્યો. એના પર મેં કહ્યું, બેટા ! તું સાચો છે, મારાથી જ ગલતી થઈ ગઈ. *(રિસાલા કુશૈરિયહ)*

**★ અલ્લાહનો દરેક વલી ઝિંદા છે ! ★**

મેં એમનાથી જ સાંભળ્યું કે અબૂન્નજમ મુકરી બરૂઈ શીરાઝી رحمۃ اللہ علیہએ કહ્યું કે તેમણે અદકીથી સાંભળ્યું. અહમદ બિન મન્સૂર ફર્માવતા હતા કે મેં યાકૂબ સૂસીને ફર્માવતાં સાંભળ્યું કે એક મુરીદ મારી પાસે આવ્યો અને કહ્યું, હે ઉસ્તાદ ! હું કાલે ઝહોરના સમયે મૃત્યુ પામીશ, આ દીનાર લો અને અડધાથી કબ્ર ખોદાવાશે અને અડધાથી કફન પહેરાવજો. જેથી જ્યારે બીજો દિવસ આવ્યો તો તેણે આવીને કા'બાનો તવાફ કર્યો અને પછી દૂર હટીને મૃત્યુ પામ્યો. મેં એને ગુસ્લ આપ્યું અને કફન પહેરાવ્યું અને કબ્રમાં રાખી દીધો. તો તેણે આંખો ખોલી. મેં કહ્યું, મૌત પછી જિંદગી ?! શું વાત છે ? તેણે જવાબ આપ્યો કે, હું ઝિંદા છું અને અલ્લાહનો દરેક મુહિબ્બ (વલી) ઝિંદા છે.

**★ હઝરત સર્રી رحمۃ اللہ علیہની કરામત ★**

મેં અબૂ અબ્દુલ્લાહ શીરાઝીથી સાંભળ્યું કે અબૂ અબ્દુલ્લાહ બિન મફલજે તેમને કહ્યું કે અલ્મગાઝલીએ કહ્યું કે હઝરત જુનૈદ رحمۃ اللہ علیہ ફર્માવતા હતા કે મારી પાસે ચાર દિરહમ હતા જેને લઈને હઝરત સર્રી સકતી رحمۃ اللہ علیہની પાસે ગયો અને કહ્યું કે હું આ ચાર દિરહમ આપના માટે લાવ્યો છું. આપે ફર્માવ્યું, છોકરા ! તમને ખુશખબરી થાય કે તું નજાત પામીશ. મારે ચાર દિરહમોની જરૂરત હતી જેથી મેં કહ્યું કે ઈલાહી ! એ શખ્સના હાથે એ દિરહમ મોકલ જે તારે ત્યાં નજાત પામનાર હોય.

### ★ અમ્ર બિન ઉત્બાની કરામત ★

અલી બિન ઈબ્રાહીમ બિન અહમદે વર્ણવ્યું કે ઉષ્માન બિન અહમદે તેમનાથી સાંભળ્યું કે હુસૈન બિન ઉમર ફર્માવતા હતા કે મેં બિશ્ર બિન હારિષને કહેતાં સાંભળ્યા કે અમ્ર બિન ઉત્બા જ્યારે નમાઝ પઢતા તો વાદળ એમના માથે હોતાં અને સિંહો તેમની આસપાસ પૂછડી હલાવતા. *(રિસાલા કુશૈરિયહ્)*

### ★ ઈબ્રાહીમ બિન અદ્હમની કરામત ★

અમને ઈબ્રાહીમ બિન અહમદ તબરીએ કહ્યું કે અહમદ બિન યૂસુફે તેમને કહ્યું કે અહમદ બિન ઈબ્રાહીમ બિન યહયાએ તેમને વર્ણવ્યું કે મારા પિતાએ મને કહ્યું કે ઈબ્રાહીમ યમાની رحمۃ اللہ علیہ ફર્માવતા હતા કે અમે હઝરત ઈબ્રાહીમ બિન અહમદ رحمۃ اللہ علیہની સાથે સમંદરના કિનારે ચાલતા નીકળ્યા અને એક જંગલમાં પહોંચ્યા જ્યાં ઘણી બધી સૂકી લાકડીઓ પડી હતી અને એની નજીક એક કિલ્લો હતો. અમે ઈબ્રાહીમ બિન અદહમને કહ્યું, જો આજે રાત્રે અહીં જ રોકાઈ જઈએ તો આ લાકડીઓ સળગાવી લઈશું. તેમણે કહ્યું, બેહતર છે એવું જ કરી લો. અમે કિલ્લાથી આગ લઈને લાકડીઓ સળગાવી. અમારી સાથે રોટીઓ હતી તેને કાઢીને અમે ખાવાનું શરૂ કર્યું. અમારામાંથી એક જણે કહ્યું કે કેટલા સારા અંગારા છે ! જો અત્યારે ગોશ્ત હોત તો તેના પર શેકી લેત. ઈબ્રાહીમ બિન અદહમે કહ્યું, અલ્લાહ તઆલા એ વાત પર કાદિર (શક્તિમાન) છે કે તમને શેકેલો ગોશ્ત ખવડાવે. હજી એ વાતો કરી જ રહ્યા હતા કે એવામાં એક સિંહ સાબરને ભગાડતો ભગાડતો આવ્યો. જ્યારે અમારી નજીક પહોંચી ગયો તો સાબર ગબડી પડયું અને તેની ગરદન તૂટી ગઈ. ઈબ્રાહીમ બિન અદ્હમ ઉઠયા અને





કહ્યું, એને ઝબહ કરી લો અને એનો ગોશ્ત શેકો. અને સિંહ ઉભો રહીને જોતો રહ્યો.

### ★ ઈબ્રાહીમ ખવાસની કરામત ★

મેં મુહમ્મદ બિન હુસૈનથી સાંભળ્યું કે અબુલ કાસિમ અબ્દુલ્લાહ બિન અલી શજરી ફર્માવે છે કે હામિદ અસ્વદ ફર્માવતા હતા. હું ઈબ્રાહીમ ખવાસ رحمۃ اللہ علیہની સાથે જંગલમાં સાત દિવસ સુધી એક જ હાલતમાં રહ્યો. (ખાધા પીધા વિના) સાતમા દિવસે હું કમજોર થઈને બેસી ગયો. ઈબ્રાહીમ ખવાસ رحمۃ اللہ علیہએ મારા તરફ જોઈને કહ્યું કે શું વાત છે ? મેં અર્ઝ કરી કે કમજોર થઈ ગયો છું ! ફર્માવ્યું, કઈ ચીજની હાજત છે ? પાણીની કે ખાવાની ? મેં કહ્યું, પાણીની. તો ફર્માવ્યું, પાણી તમારી પાછળ છે ! મેં પાછળ ફરીને જોયું તો એક પાણીનું ઝરણુ તાજા દૂધની જેમ વહી રહ્યું છે. મેં પાણી પીધું અને વુઝૂ કર્યું અને ઈબ્રાહીમ જોતા રહ્યા અને એની નજીક પણ ન આવ્યા. જ્યારે હું ઉઠવા લાગ્યો તો ચાહ્યું કે થોડુક પાણી સાથે લઈ લઉં પણ તેમણે મને રોકી આપ્યો અને ફર્માવ્યું, આ એવું પાણી નથી જેને આપણે સાથે લઈને સફરમાં વાપરી શકીએ.

### ★ હઝરત ખવાસની બીજી કરામત ★

મેં મુહમ્મદ બિન અબ્દુલ્લાહ શીરાઝીથી સાંભળ્યું કે મુહમ્મદ બિન ફારસીએ તેમને કહ્યું કે અબુલ હસન ખૈરુન્નસાજ ફર્માવે છે કે મેં ખવાસને સાંભળ્યા. ફર્માવતા હતા કે એક વાર સફરમાં મને એટલા પ્રમાણમાં તરસ લાગી કે હું તરસનો માર્યો ગબડી પડયો. શું જોઉં છું કે મારા ચહેરા પર પાણીના છાંટા પડી રહ્યા હતા. આંખ ખોલી તો જોયું કે ખૂબસૂરત ઈન્સાન સફેદ ઘોડા પર સવાર

છે, તેણે મને પાણી પીવડાવ્યું અને મને પોતાના ઘોડા પર સવાર થવાનું કહ્યું. એ સમયે હું હિજાઝમાં હતો. થોડીવાર પછી કહેવા લાગ્યો, શું દેખાય છે ? મેં કહ્યું, મદીના ! તેણે કહ્યું, હવે ઉતરી જાવ અને રસૂલુલ્લાહ ﷺને મારા સલામ કહેજો અને કહેજો કે આપના ભાઈ ખિઝર (عليه السلام) સલામ અર્ઝ કરે છે.

## ★ અબ્દુલવાહિદ બિન ઝયદની કરામત ★

કહે છે કે અબ્દુલવાહિદ બિન ઝયદને લકવો થઈ ગયો. નમાઝનો સમય આવ્યો તો તેમને વુઝૂ કરવાની જરૂરત પડી. આપે અવાજ આપ્યો, કોઈ છે ?! પણ કોઈએ જવાબ ન આપ્યો. આપને નમાઝ ક઼ઝા થઈ જવાનો ડર લાગ્યો જેથી કહ્યું, હે ખુદા ! મારી મશકો ખોલી આપ જેથી કરીને હું વુઝૂ કરી લઉં, પછી જેવી તારી મરજી હોય તેવું કરજે. તે ફર્માવે છે કે તે બિલકુલ સારા થઈ ગયા અને વુઝૂ કરીને પોતાના બિસ્તર ચાલ્યા આવ્યા, અને પછી હતા એવા લકવાગ્રસ્ત થઈ ગયા.

## ★ શિબ્લીની કરામત ★

શિબ્લી ફર્માવે છે કે મેં નિશ્ચય કરી લીધો કે હું કેવળ હલાલની ચીજ જ ખાઈશ. હું જંગલોમાં ફર્યા કરતો. ત્યાં મેં એક અંજીરનું ઝાડ જોયું અને ખાવાના માટે મેં એના તરફ હાથ લંબાવ્યો, તો ઝાડમાંથી અવાજ આવ્યો, તમારા વચન પર ક઼ાયમ રહો ! મને ન ખાવ ! હું એક યહૂદીની માલિકીમાં છું.

## ★ અબૂ અબ્દુલ્લાહ બિન હનીફની કરામત ★

અબ્દુલ્લાહ બિન ખફીફ ફર્માવે છે કે હજમાં જતાં હું બગદાદ પહોંચ્યો. મારા માથા પર સૂફીપણાનો ગર્વ હતો અને ચાલીસ દિવસથી મેં રોટી ખાધી ન હતી. હું જુનૈદની ઝિયારતના માટે પણ





ન ગયો. હું બગદાદથી નીકળી આવ્યો અને ઝબાલા સુધી મેં પાણી ન પીધું અને હજી સુધી મારું વુઝૂ પણ ક઼ાયમ હતું. પછી મેં એક કૂવા પર એક હરણને પાણી પીતાં જોયું. હું પોતે પણ તરસ્યો હતો. જ્યારે કૂવા પાસે પહોંચ્યો તો હરણ ભાગી ગયું. જોયું તો પાણી કૂવાના તળિયે હતું. જેથી હું ચાલી નીકળ્યો અને કહ્યું, હે માલિક ! આ હરણ જેટલો પણ મારો મક઼ામ નથી ?! એના પર મારી પીઠ પાછળથી અવાજ આવ્યો, અમે તને અજમાવ્યો હતો, પણ તેં સબ્ર ન કરી, જા ! જઈને પાણી પી લે. પાછો આવ્યો તો જોયું કે કૂવો પાણીથી લબરેઝ હતો જેથી મેં મારું પાત્ર ભરી લીધું જેમાંથી હું પીતો રહ્યો અને વુઝૂ પણ કરતો રહ્યો ત્યાં સુધી કે મદીના પહોંચી ગયો છતાં પાણી પૂરું ન થયું. જ્યારે મેં કૂવામાંથી પાણી બહાર કાઢયું હતું તો મેં એક હાતિફ (ગયબથી પોકારનાર)ને કહેતાં સાંભળ્યું કે હરણ તો પાત્ર વિના અને રસ્સી વિના આવ્યું હતું અને તું પાત્ર તથા રસ્સી લઈને આવ્યો છે ! પછી જ્યારે હું હજ્જ કરીને પાછો આવ્યો તો જામેઅ મસ્જિદમાં ગયો. જ્યારે જુનૈદની નજર મારા પર પડી તો ફર્માવ્યું, જો એક કલાક સબ્ર કરી લેત તો તારા પગો નીચેથી પાણી ફૂટી નીકળતું.

## ★ એક બદવીની કરામત ★

મેં હમ્ઝા બિન યૂસુફ સહમી જુર્જાનીથી સાંભળ્યું કે અબૂ અહમદ બિન અદી હાફિઝે તેમને કહ્યું કે અહમદ બિન હમ્ઝાએ મિસરમાં મને કહ્યું કે અબ્દુલ વહ્હાબ (જે સાલિહીનમાંથી હતા) ફર્માવતા હતા કે મુહમ્મદ બિન સઈદ બસરી બયાન કરે છે કે જ્યારે બુસ્રાના કોઈ રસ્તે જઈ રહ્યો હતો તો મેં એક બદવીને એક ઊંટ લઈ જતાં જોયો. મેં પાછળ ફરીને જોયું તો ઊંટ પડીને મૃત્યુ પામ્યું અને તેના પરનો તખ્તો અને તખ્તાની લાકડીઓ પણ પડી ગઈ. હું ચાલીને

ત્યાં પહોંચ્યો તો બદવી આ શબ્દો કહી રહ્યો હતો : 'હે ખુદા ! જે દરેક પ્રકારનો સબબ પેદા કરવાવાળો છે અને દરેક તાલિબની આરઝૂ પૂરી કરનારો છે, મારું ઊંટ મને પાછુ આપી દે ! જેથી તે તખ્તાને ઉઠાવી લે.'' તો એકાએક ઊંટ ઉઠીને ઉભુ થઈ ગયું અને તખ્તો તેના ઉપર પડયો હતો.

### ★ અબૂ ઓબૈદ બુસરીની કરામત ★

અમને મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીએ વર્ણવ્યું કે તેમને અબ્દુલવાહિદ બિન બક્ર અલ્વર્ષાનીએ કહ્યું કે મુહમ્મદ બિન દાઊદે વર્ણન કર્યું કે અબૂબક્ર ઈબ્ને મુઅમર ફર્માવતા હતા કે મેં ઈબ્ને અબી ઓબૈદ બસરીને પોતાના પિતા અબૂ ઓબૈદ બસરીથી રિવાયત કરતાં સાંભળ્યું કે એક વરસે તે જેહાદના માટે ગયા તો રસ્તામાં ઘોડી જેના પર તે સવાર હતા તે મૃત્યુ પામી. હજી તે ફોજના દસ્તા (લશકરી દળ) ની સાથે હતા, તેમણે કહ્યું, ખુદાયા ! આ ઘોડી ઉછીની આપી દે ! ત્યાં સુધી કે બુસ્રા પાછો પહોંચી જાઉં. એકાએક ઘોડી ઉઠીને ઉભી થઈ ગઈ. જ્યારે જંગ કરીને બુસરા પરત પહોંચી ગયા તો પુત્રને કહ્યું કે ઘોડી પરથી ઝીન ઉતારી લો. મેં અર્ઝ કરી કે એને પરસેવો થઈ ગયો છે જો ઝીન ઉતારી લઈશ તો તેને હવા લાગી જશે. અબૂ ઓબૈદે કહ્યું કે આ તો ઉછીની લીધેલી છે ! પુત્ર કહે છે કે મેં જેવું ઝીન ઉતાર્યું કે તરત ઘોડી ગબડી પડી અને મૃત્યુ પામી.

### ★ એક સ્ત્રીની કરામત ! ★

કહેવાય છે કે એક કફનચોર હતો. એક સ્ત્રી મૃત્યુ પામી તો લોકોએ તેની નમાઝે જનાઝા પઢી અને કફન ચોરે પણ તેણીની જનાઝાની નમાઝ એ ખયાલથી પઢી કે તેણીની ક઼બ્ર વિશે જાણી





લે. જ્યારે રાત અંધારી થઈ ગઈ તો તેણે તેની ક઼બ્ર ખોદી, તો સ્ત્રી બોલી, સુબ્હાનલ્લાહ ! એક એવો શખ્સ જેને અલ્લાહે બખ્શી આપ્યો છે તે એવી સ્ત્રીનું કફન લઈ રહ્યો છે જેને અલ્લાહે બખ્શી આપી છે ?! કફનચોરે કહ્યું, માની લીધું કે અલ્લાહે તને બખ્શી આપેલ છે, પરંતુ હું ક્યાંથી બખ્શાયેલો છું ?! સ્ત્રીએ જવાબ આપ્યો, અલ્લાહ તબારક વ તઆલાએ મને પણ અને તે સર્વ લોકોને જેમણે મારી નમાઝે જનાઝા પઢી છે સૌને બખ્શી આપ્યા છે, અને મારી નમાઝે જનાઝા પઢનારાઓમાં તું પણ એક છે. ચોર કહે છે કે, મેં તેનું કફન રહેવા દીધું અને ફરીથી તેના પર માટી નાખી આપી. ત્યાર બાદ તેણે તૌબા કરી લીધી અને તૌબા પર ક઼ાયમ રહ્યો.

### ★ ઝુન્નૂન મિસ્રી رضی اللہ عنہ ની કરામત ★

મેં હમ્ઝા બિન યૂસુફથી કહ્યું કે અબુલ હસન ઈબ્ને અમ્ર ઈબ્ને કામિલે મિસ્રમાં તેમને કહ્યું કે અબૂ મુહમ્મદ નોઅમાત બિન મૂસા હૈરી હૈરામાં ફર્માવતા હતા કે બે શખ્સો લડી પડયા. એક સરકારી માણસ હતો અને બીજો આમ પ્રજામાંથી હતો. આમ આદમીએ હુમ્લો કરીને સરકારી માણસનો આગલો દાંત તોડી નાખ્યો. સિપાહી તે માણસને બાઝી પડયો અને કહ્યું કે હવે તો હાકિમની પાસે આનો ફૈસલો થશે. રસ્તામાં હઝરત ઝૂન્નૂન મિસ્રી પાસેથી એઓ પસાર થયા. લોકોએ કહ્યું, શયખની પાસે થઈને પછી જઈએ. જેથી તેઓ તેમની પાસે ગયા અને કિસ્સો સંભળાવ્યો. આપે તે દાંત લીધો અને પોતાનો હોટ લગાડયો, પછી મોઢામાં જે જગાએ દાંત હતો ત્યાં રાખી દીધો. તેણે પોતાના હોટ હલાવ્યા તો દાંતે પોતાની જગા પકડી લીધી. તે માણસ પોતાના દાંતોને શોધતો રહી ગયો પણ તેને સર્વ દાંતો સરખા જ જણાયા!

## ★ મૃત્યુ પામેલ ગધેડો જીવંત થઈ ગયો ! ★

અમને અબુલ હુસૈન મુહમ્મદ બિન કિત્તાને બગદાદમાં કહ્યું કે તેમને અબૂ અલી ઈસ્માઈલી બિન મુહમ્મદ બિન ઈસ્માઈલ સફારે કહ્યું કે હસન બિન અરફા બિન યઝીદે તેમને જણાવ્યું કે અબ્દુલ્લાહ બિન ઈદરીસ અદવીએ ઈસ્માઈલ બિન અબૂ ખાલિદે કહ્યું કે અબૂ સબરા નખઈ (رحمۃ اللہ علیہ) ફર્માવતા હતા કે એક શખ્સ યમનથી ચાલ્યો. હજી રસ્તામાં જ હતો એવામાં એનો ગધેડો મૃત્યુ પામ્યો. તો તેણે વુઝૂ કરીને બે રકાત નમાઝ પઢી પછી કહ્યું, ઈલાહી ! હું તારી ખુશ્નૂદી હાંસલ કરવા માટે જેહાદ કરવા આવ્યો હતો અને હું ગવાહી આપુ છું કે તું મુડદાંઓને જીવંત કરીશ અને મુડદાંઓને કૃબ્રેથી ઉઠાડીશ. આજે મારા પર કોઈનું એહસાન ન રહેવા દે. તને એવી દરખાસ્ત કરું છું કે તું મારા ગધેડાને જીવંત કરી આપ ! તો ગધેડુ એ જ વખતે કાનોને હલાવતુ હલાવતુ ઉઠીને ઉભુ થઈ ગયું !

## ★ અબૂબક્ર હમ્દાનીની કરામત ★

મેં હમ્ઝા બિન યૂસુફથી સાંભળ્યું કે તેમણે અબૂબક્ર નાબેલ્સીથી સાંભળ્યું કે અબૂબક્ર હમ્દાની ફર્માવતા હતા કે હું કેટલાય દિવસો સુધી હિજાઝના જંગલમાં રહ્યો. એ દિવસો દરમ્યાન મેં કાંઈ ન ખાધુ. પછી મને ગરમ મગફળી તથા રોટીની ઈચ્છા થઈ. પછી મેં મનમાં કહ્યું કે હું તો જંગલમાં છું અને મારા તથા ઈરાકની દરમ્યાન લાંબુ અંતર છે, જેથી મને આ ચીજો ક્યાંથી મયસ્સર થશે ?! હજી હું એવું વિચારી જ રહ્યો હતો એવામાં દૂરથી એક ગામડીયો પુકારી રહ્યો હતો, ગરમ મગફળી અને રોટી ! મેં એના તરફ હાથ લંબાવ્યો અને કહ્યું, શું તારી પાસે ગરમ મગફળી અને રોટી છે ?! તેણે જવાબ આપ્યો, હા ! અને તેણે એક ચાદર જે એના ઉપર હતી તે





ખોલી અને રોટી તથા મગફળી કાઢી અને કહ્યું, ખાવ ! અને મેં ખાધું. તેણે ફરી કહ્યું, ખાવ ! મેં ખાધું. તેણે ફરી કહ્યું, ખાવ ! તો મેં ખાધુ. જ્યારે તેણે ચોથીવાર કહ્યું, તો મેં કહ્યું, તમને તે ખુદાની કૃસમ ! જેણે તમને મારી પાસે મોકલ્યા છે, એ તો બતાવો કે તમે કોણ છો ?! તેણે કહ્યું, ખિઝર (علیہ السلام) છું, અને તે અદશ્ય થઈ ગયા અને પછી મેં તેમને નથી જોયા.

## ★ અહમદ બિન અતાની કરામત ★

મેં હમ્ઝા બિન યૂસુફથી સાંભળ્યું કે અબૂ તાહિર રતી ફર્માવે છે કે મેં અહમદ બિન અતાને ફર્માવતાં સાંભળ્યા કે મક્કાના માર્ગમાં એક ઊંટે મારી સાથે વાત કરી. મેં કેટલાક ઊંટો જોયાં જેના ઉપર કાઠલા પડેલા હતા અને તેમણે પોતાની ગરદનો રાતમાં લાંબી કરી રાખી હતી. એના પર મેં કહ્યું, પાક છે તે ખુદા જે એમનાથી આ બોજને ઉતારે છે જે એમના પર છે. એના પર એક ઊંટે મારા તરફ ફરીને જોયું અને કહ્યું, કહો જલ્લ જલાલહૂ (અલ્લાહ ઘણો મહાન છે) મેં કહ્યું, જલ્લ જલાલહૂ.

## ★ સ્ત્રી કાળી થઈ ગઈ ! ★

મેં મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીથી સાંભળ્યું કે હસન બિન અહમદ ફારસીએ તેમને કહ્યું. વતીએ તેમને કહ્યું કે અબૂબક્ર બિન મુઅમર ફર્માવતા હતા કે મેં અબૂઝરઆ હલબીને ફર્માવતાં સાંભળ્યા કે એક સ્ત્રીએ મારી સાથે ધોકો કર્યો, અને કહ્યું કે ઘરમાં આવીને જરા બીમારની ખબર લઈ લો ! અંદર આવીને તેણીએ દરવાજા બંધ કરી આપ્યા, પણ મેં ઘરમાં કોઈને ન જોયું. હું વાત પામી ગયો અને કહ્યું, હે ખુદા ! આ સ્ત્રીને કાળી કરી દે ! તો તે કાળી થઈ ગઈ અને આશ્ચર્યમાં પડી ગભરાઈ ગઈ, જેથી તેણીએ

દરવાજા ખોલી નાખ્યા અને હું બહાર નીકળી આવ્યો. મેં ફરી કહ્યું, હે ખુદા ! એની આગલી હાલત કરી આપ ! તો તેણી એવી જ થઈ ગઈ.

## ★ મઅરૂફ કર્ખીની કરામત ★

મેં હમ્ઝા બિન યૂસુફથી સાંભળ્યું કે અબૂ મુહમ્મદ અલ્ગતરીફીએ તેમને કહ્યું કે સિરાજે કહ્યું કે અબૂ સુલૈમાન રૂમી ફર્માવતા હતા કે મેં ખલીલ સયાદને ફર્માવતાં સાંભળ્યા કે મારો પુત્ર મુહમ્મદ ગુમ થઈ ગયો અને એનો અમને સખત સદમો થયો. જેથી હું હઝરત મઅરૂફ કર્ખી رحمۃ اللہ علیہની પાસે ગયો અને અર્ઝ કરી, હે અબૂ મહફૂઝ ! મારો પુત્ર ગુમ થઈ ગયો છે અને એની માને એનો સખત ગમ છે. આપે ફર્માવ્યું, શું ચાહે છે ?! મેં અર્ઝ કરી, દુઆ કરો કે અલ્લાહ તબારક વ તઆલા એને પરત કરી દે. તેમણે દુઆ કરી, ''હે ખુદા ! આસમાન તથા જમીન બંનેવ તારાં છે અને જે કાંઈ એ બંનેની દરમ્યાનમાં છે એ પણ તારું છે, મુહમ્મદને મોકલી આપ !'' ખલીલ કહે છે કે હું બાબુશ્શામ પહોંચ્યો તો પુત્ર ત્યાં હતો. મેં એનું નામ લઈને બોલાવ્યો તો તેણે કહ્યું, હા ! અબ્બાજી ! હું હમણા અંબરમાં હતો.






**શું તમે સુન્ની છો અને તમારે ત્યાં ''કન્ઝુલ ઈમાન'' નથી !!**

આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામે અહલે સુન્નત, શૈખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ ની નૂરાની કલમે કલામુલ્લાહનો ઉર્દૂમાં સર્વશ્રેષ્ઠ તર્જુમો તથા સદરૂલ અફાઝિલ હઝરત મૌલાના સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદીની લખેલ તફસીર એટલે....

**કન્ઝુલ ઈમાન**
**વ ખઝાઈનુલ ઈરફાન**
(ગુજરાતીમાં)

**હદીયો** : ૩૫૦/– રૂા. (ટપાલ ખર્ચ : ૩૦/–)

**ગુજરાતી અનુવાદક** : મર્હૂમ મૌલાના હસન આદમ કોલનવી સાહબ (ફાઝિલે દારુલ ઉલૂમ શાહે આલમ, અમદાવાદ)

આ અણમોલ તોહફો આપના ઘરોમાં વસાવો, વાંચો, વંચાવો અને તમારુ પુત્રીઓ–બહેનોને શાદીઓમાં ભેટ રૂપે જરૂરથી આપો.

**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧